



Scanned with CamScanner

# Be !

Be !

સ્મિત કરો,
સ્ફૂટતા કુસુમને નિહાળો, યા નકામા રોપાઓ
યા ઘાસનાં પર્ણોને, છેવટે બાળીને
કવિતા રચો, કોઈ પુસ્તક વાંચો.
યા કોઈ જાહેર લાયબ્રેરીનું સામયિક.
ગીત લલકારો યા ગીત ગૂંથી દો.
આભાર માનો, કોઈ મિત્રનું ઘરે સ્વાગત કરો,
ચતુર્પર્ણી લવંગવૃક્ષને શોધો.
સુભગ, સાનંદ વિચાર કરો;
નવી રમત ગોતી કાઢો, આનંદ પૂર્ણ કિલકિલાટ કરો;
આશિષ આપો- દરેક જણને દરેક વસ્તુને,
જેના તમે સંપર્કમાં આવો છો.
કંઈક બીજાને આપી દો;
કોઈ બાળક, કોઈ વૃધ્ધ, કોઈ નવો પડોશી.
યા નીજની સાથે મૈત્રી બાંધો.
પ્રાર્થના કરો,
રાત્રે પ્રગટતા તારાઓને જુઓ, ઉલ્લાસિત બનો,
જીવન સાદું બનાવો, ધ્યાનમાં બેસો.
યાદ રાખો :"તમે વિશ્વના પ્રકાશ છો."
ક્ષમા આપો, સૂર્યોદયને વિલોકો;
પવન કઈ બાજુ વહે છે તે તપાસો.
હસો, ફરવા જાવ, ગુલાબને સુંઘો.
ઊંડા શ્વાસ લો, કીડીઓને દરમાંથી ઊભરાતી જુઓ.
પર્યટને જાઓ, યા વનભોજન કે મ્યુઝિયમમાં, મંદિરમાં સર્જન કરો,
કોઈ લાચાર એકલ દોકલ માનવી સાથે વાત કરો,
ઘસઘસાટ નીંદર લો
"Sell your clothes and keep your thoughts"
બનો!
Be !

Scanned with CamScanner

*With Best Compliments From*

# Dr. D. P. Patel

## COOLEGE OF EDUCATION
## KHAROD

ANKLESHWAR PIN. 394 115.

Scanned with CamScanner

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અમારો પરિવાર, વિદ્યાર્થી સંસદ ..... | | |
| સંપાદકીય ..... | | |
| શિક્ષણની કેડીએથી ..... | | |
| લેખો : | | |
| પ્રાર્થના | પ્રિ. ડૉ. ડી. પી. પટેલ | ૧ |
| બદલાતી શિક્ષણ પરિસ્થિતિમાં શિક્ષકનું કર્તવ્ય | ડૉ. જયેશ એ. નાયક | ૨ |
| સંજીવની સમાન સ્પર્ધાઓ | પ્રા. જયંત એ. શાહ | ૪ |
| મને સમય જ નથી | પ્રા. પ્રફુલસિંહ જે. રાજ | ૬ |
| પાઠ્ય પુસ્તકનું મહત્ત્વ | પ્રિ. ડૉ. ડી. પી. પટેલ | ૭ |
| શિક્ષણની વિશ્વસનીયતા | પ્રિ. ડૉ. ડી. જી. નાયક | ૮ |
| કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા | | ૧૦ |
| લેખો : | | |
| વૈદિક ગણિત | નિકીતા ચિંચલીકર | ૧૩ |
| એકડો એ જ પૂર્ણાંકો | સ્મિતા મધોક | ૧૪ |
| કિરણોત્સર્ગ કેટલી જીવલેણ ? કેટલી ફાયદાકારક ? | દમયંતિ રોહિત | ૧૫ |
| હમારે જીવન મેં સંગતિ કા પ્રભાવ | સૂર્યદેવ યાદવ | ૧૬ |
| નવી ઔદ્યોગિક નીતિ | રાજશ્રી સિધવાવાલા | ૧૮ |
| વિદ્યાર્થી જીવન કેવું જીવશો ? | રશ્મિતા પટેલ | ૧૯ |
| કાવ્યો : | | |
| Balu's Cry | પ્રા. પ્રવિણચંદ્ર માસ્ટર | ૨૧ |
| ભાષા હિન્દી | મહેશ પટેલ | ૨૧ |
| શાયરીઓ અને Slow ..... Slow ..... | આસિફ ઈકબાલ | ૨૨ |
| માનવ | નરેન્દ્ર ચૌધરી | ૨૨ |
| સમદુઃખિયો | વિજય મદ્રાસી | ૨૩ |
| એકવીસમી સદીના સપનાને | મુક્તા પટેલ | ૨૩ |
| ઋણ સ્વીકાર | | ૨૪ |
| તાલીમાર્થીઓનાં નામ - સરનામા | | ૨૫ |


Scanned with CamScanner

# અમારો પરિવાર

## ● અધ્યાપક વૃંદ ●

૧. ડૉ. ડાહ્યાભાઈ પ્રાગજીભાઈ પટેલ
(આચાર્ય : બી.એસસી., એમ.એડ્., પીએચ.ડી.)
૨. ડૉ. જયેશકુમાર અંબેલાલ નાયક
(બી.એસસી., એમ.એડ્., પીએચ.ડી.)
૩. શ્રી પ્રવિણચંદ્ર રતિભાઈ માસ્ટર
(બી.એ., એમ.એડ્.)
૪. શ્રી જયંતકુમાર અરવિંદભાઈ શાહ
(એમ.એ., એમ.એડ્.)
૫. શ્રી પ્રફુલ્લસિંહ જશવંતસિંહ રાજ
(એમ.કોમ., એમ.એડ્.)

## ● બિન શૈક્ષણિક કર્મચારી ગણ ●

૧. શ્રી જયંતકુમાર શશીકાન્તભાઈ પટેલ
૨. શ્રી ઈસ્માઈલ મુસા જોગીયાત

## ● સેવકો ●

૧. શ્રી ઈસ્માઈલ મુસા ખલીફા
૨. શ્રી ફારૂક યુસુફ બીજાભાઈ
૩. શ્રી અશ્વિનકુમાર મોતીસિંહ વસાવા

# કૉલેજ ઓફ એજ્યુકેશન ખરોડ

## વિદ્યાર્થી સંસદ

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | ડૉ. ડી. પી. પટેલ |
| ઉપ પ્રમુખ | : | ડૉ. જયેશભાઈ નાયક |
| સામાન્ય મંત્રી | : | શ્રી દર્શન બી. દેસાઈ |
| **સાંસ્કૃતિક સમિતિ** | | |
| અધ્યક્ષ | : | શ્રી પ્રફુલ્લસિંહ રાજ |
| મંત્રી | : | નીતાબહેન એન. નાયક |
| સભ્ય | : | વિમલબેન એસ. કોસંબિયા |
| **નાણાં સમિતિ** | | |
| અધ્યક્ષ | : | ડૉ. જયેશભાઈ નાયક |
| મંત્રી | : | શૈલેષ બી. ગાંધી |
| સભ્ય | : | ૧. બિલ્કીશબીબી સાલેહભાઈ<br>૨. હિતેશ એચ. પટેલ |
| **પ્રવાસ સમિતિ** | | |
| અધ્યક્ષ | : | શ્રી પ્રવિણચંદ્ર માસ્ટર |
| મંત્રી | : | સદર સઈદ આઈ. |
| સભ્ય | : | ૧. સિપવાવાલા રાજશ્રી એમ.<br>૨. ઉપાધ્યાય ભવિતા |
| **સાહિત્યવાદ સમિતિ** | | |
| અધ્યક્ષ | : | શ્રી જયંતભાઈ શાહ |
| મંત્રી | : | ઠક્કર સુનિલ એચ. |
| સભ્ય | : | ૧. ચિંચલીકર નિકીતા<br>૨. દવે દર્શના |

Scanned with CamScanner

# સંપાદકીય .....

ભરૂચ જિલ્લો ઔદ્યોગિક ક્ષેત્રે રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ હરણફાળ માંડી રહ્યો છે. ત્યારે તે શૈક્ષણિક વિકાસ માટે પણ જાગૃત છે. ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, અંકલેશ્વરે શૈક્ષણિક વિકાસમાં સાથ પુરાવવા માધ્યમિક શાળાના શિક્ષકોને તાલીમ આપતી સંસ્થા માટે ભગીરથ કાર્ય ઉપાડ્યું છે. ગુજરાત સરકાર માન્ય અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ સમયના અવિરત વહેણ સાથે ત્રણ વર્ષ પૂરાં કરે છે.

પ્રશિક્ષણાર્થીઓ / અધ્યાપકોમાં રહેલી લેખનકળાને માણવા અને વિકસાવવા માટે તેમના તરફથી તૈયાર કરવામાં આવેલ સાહિત્ય મુદ્રિત સ્વરૂપે આ અંકમાં સ્થાન પામેલ છે. વર્ષ દરમિયાનની પ્રવૃત્તિ અને પ્રગતિની ઝાંખી આ અંકમાં અમે રજૂ કરી શક્યા છીએ.

આ કાર્ય માટે વિજ્ઞાપન આપનાર હિતેચ્છુઓ અને સંસ્થાઓની અમારા માટેની લાગણી માટે અમને સૌને માન છે. આ કાર્યમાં કડીરૂપ પ્રશિક્ષણાર્થીઓના પરિશ્રમ અને સહયોગની નોંધ લઈ સંસ્થા માટે અનુકિંચિત કરી છૂટવાની સદ્‌ભાવના બદલ હાર્દિક ધન્યવાદ પાઠવીએ છીએ. અમારા પ્રત્યે લાગણી પ્રદર્શિત કરી પ્રેરણા, સહયોગ અને માર્ગદર્શન આપનાર સૌ પ્રત્યે ઋણ 'સ્વીકાર' કરી, આપ સૌના કરકમળમાં સંસ્થાની કાર્યરૂપરેખા રૂપ ઉત્કર્ષનું ત્રીજુ સોપાન ધરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

સંપાદકો
પ્રા. જયંત શાહ
ડૉ. જયેશ નાયક
સુનિલ ઠક્કર

Scanned with CamScanner

# શિક્ષણની કેડીએથી .....

કેન્દ્રીય અંદાજપત્રમાં શિક્ષણ પાછળ ખર્ચના વધારાના આંકડા શિક્ષણના પરિવર્તનના દ્યોતક છે. શિક્ષણ પરિવર્તન પામે તો સમાજ પરિવર્તન પામે. આથી શિક્ષણને સમાજ પરિવર્તનનું પ્રેરકબળ દર્શાવી શિક્ષકને પરિવર્તનનો પરિવ્રાજક માન્યો છે.

યાજ્ઞવલ્ક્ય મુનિએ જણાવ્યુ કે માનવીને ચારિત્ર્યવાન અને જગતને ઉપયોગી બનાવે તે શિક્ષણ કહેવાય. જ્યારે એરિસ્ટોટલે કહ્યું, તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું ઘડતર એટલે શિક્ષણ. પરંતુ ડૉ. ગુણવંત શાહ લખે છે કે માનવ-પ્રતિભાના સર્વદિશીય વિકાસની પ્રક્રિયાને શિક્ષણ કહેવાય. આમ શિક્ષણની પ્રાચીન સંકલ્પનામાં ગુણવિકાસ, શિસ્ત, સંસ્કાર, શરીર અને મનની તંદુરસ્તી પર ભાર મૂકવામાં આવતો હતો. જ્યારે આજની સંકલ્પનામાં સર્વાંગી વિકાસ, જન્મજાત શક્તિઓનું પ્રગટીકરણ, સંપૂર્ણ વ્યક્તિમતાની અભિવ્યક્તિ, શ્રેષ્ઠ જે કાંઈ છે તે બહાર લાવવા જેવી છે.

હાલમાં શિક્ષણ ઉપર અનેક પ્રહારો થઈ રહ્યા છે. અવરેન્ટ રેલર જેવા 'શાળા મરી પરવારી છે' એવી વાત રજૂ કરે છે. તો ઈવાન ઈલિચ 'શાળાવિહીન સમાજની' હિમાયત કરે છે. વિનોબાજીએ પણ આક્રોશ દર્શાવતા 'તે બંધ કરી દો' શબ્દોચ્ચાર કરેલ છે. સુરેશ જોષીના વિદ્યા વિનાશને માર્ગે પુસ્તિકામાં વિદ્યાપીઠોની નિરર્થકતા દર્શાવી છે. બકુલ ત્રિપાઠીએ 'દ્રોણાચાર્યનું સિંહાસન' પુસ્તકમાં સમગ્ર શિક્ષણનું પોકળ બહાર પાડેલ છે. વિદ્યાર્થીઓ શાળાઓને બદલે કોચિંગ ક્લાસ કે ટ્યુશનમાં જ ભણે છે જે શાળાઓના શિક્ષણની પોકળતા પુરવાર કરે છે.

હાલમાં જ્ઞાનના કલ્પનાતીત વિસ્ફોટને પહોંચી વળવા માટે શાળાઓ પાસે કોઈ જ આયોજન નથી. તાર્સ્તન હસન જણાવે છે કે આવતી કાલે જ્ઞાનનો વિસ્ફોટ થયો હશે. જે માત્ર પુસ્તકમાંથી નહીં આપી શકાય. ટેલિવિઝન, રેડિયો, સમાચારપત્ર જેવા સમૂહ માધ્યમોને વર્ગખંડમાં લાવવા પડશે. જ્ઞાન વધુને વધુ વ્યક્તિગત આપવા પ્રયત્ન કરવો પડશે. આથી શાળાઓને જ્ઞાન ક્યાંથી મેળવવું એ શીખવવું પડશે. માલ્કમ આદિશેશીઆહ કેળવણીની હાલની વ્યાખ્યા આપતા જણાવે છે કેમ શીખવું તે શીખવવું તેનું નામ શિક્ષણ. આમ વિદ્યાર્થીએ નહી પરંતુ સમગ્ર સમાજે સતત અધ્યયનશીલ રહેવું પડશે.

શિક્ષણ બદલાય તો શિક્ષકે બદલાવું પડે. પરંતુ શિક્ષક ના બદલાય તો તેનો અર્થ રહેતો નથી. ત્રિવેદી સાહેબના શબ્દોમાં જણાવું તો શિક્ષણનો અધિકાર તો તેને જ છે જે સત્ય, શિવ અને સુંદર સમજી શકતો હોય, સર્જી શકતો હોય, પ્રકૃતિપ્રેમી અને માનવપ્રેમી હોય અર્થાત એવા શિક્ષકને શિક્ષણનો અધિકાર મળી શકશે જે પ્રકૃતિની ભાષા વાંચી શકતો હોય, માણી શકતો હોય, પ્રેમની ઊંચાઈએ પહોંચવા મથતો હોય, પુરુષાર્થી હોય, સતત અધ્યયનશીલ હોય.

ટૂંકમાં શિક્ષક વાંચતો ..... વિચારતો ..... ચિંતન અને મનન કરતો ..... વિકસતો ...... તપસ્વી ..... પ્રસન્નચિત્ત ..... હસતો-હસાવતો ..... રમતો-રમાડતો તરવરતો ..... લાગણીશીલ અને અધ્યેતાભાવથી ભરેલો હોય.

આમ એકવીસમી સદી તરફ પ્રયાણ કરતાં, બદલાયેલી શિક્ષણની સંકલ્પનાના સંદર્ભે બદલાતા શિક્ષકો માટેનો આપણો ચીલાચાલુ તાલીમી કાર્યક્રમ, યુક્તિ-પ્રયુક્તિ અને સાધનો અપ્રસ્તુત બનતા તેને બદલવાનું સાહસ કરવાનો સમય આવી ગયો છે. આ ભગીરથ કાર્યમાં માધ્યમિક શિક્ષણ-પ્રશિક્ષણ સંસ્થાઓ અને માધ્યમિક શાળાના શિક્ષકો વચ્ચે આત્મીયતા વિકસે તેવાં આયોજન થતા તાલીમી સંસ્થાઓ આદર્શ શિક્ષકોના પ્રદાનમાં સફળતા પ્રાપ્ત કરી શકે. આ માટે એક વાત નિશ્ચિત છે કે દરેકે પોતાનો સ્વધર્મ બજાવવાનો છે. જેમ કે વિદ્યાર્થીએ વિદ્યાપ્રાપ્તિનો, શિક્ષકે વિદ્યાવિતરણનો, સમાજે જાગરૂકતા અને સક્રિયતાનો અને સરકારે આર્થિક સહાય પૂરતો ધર્મ બજાવવાનો છે.

આપણે સૌ આપણા સ્વધર્મને ઓળખી, શિક્ષણની નાવને સ્થિર બનાવી, નવીનપ્રવાહો તરફ કાર્યાન્વિત બનાવીએ તો આપણે નાગરિક તરીકે દેશને ઉન્નતિના શિખરે લઈ જઈ શકીએ. જરૂર છે સૌના સહકારની. આવો આપણે સૌ સાથે મળી, સ્વધર્મ બજાવી, શિક્ષણની ક્રાંતિના ધ્વજને લહેરાવી, રાષ્ટ્રને વિકાસ પંથ પર મૂકવામાં સહયોગી નીવડીએ.

ડૉ. ડાહ્યાભાઈ પી. પટેલ

Scanned with CamScanner

# પ્રાર્થના

ડૉ. કાન્હાભાઈ પટેલ

ઈતિહાસના પૃષ્ઠો પર નજર કરતાં ભક્ત કવિઓ, સંતો, મહાપુરૂષોના જીવનમાં અનેક પ્રસંગોએ પ્રાર્થનાના પરચા નોંધાયેલા છે. ભક્ત પ્રહલાદે અગ્નિસ્તંભ પાસે કરેલી પ્રાર્થના, ભક્ત નરસિંહ મહેતાએ હુંડી સ્વીકારતી વેળાએ કરેલી પ્રાર્થના, મીરાંએ ઝેરનો પ્યાલો અમૃતસમ જાણી ગટગટાવતી વખતે કરેલી પ્રાર્થના, દ્રૌપદીના વસ્ત્રાહરણ સમયે શ્રીકૃષ્ણને કરેલી પ્રાર્થનાથી આપણે સૌ પરિચિત છીએ. દરેક ધર્મમાં પ્રાર્થનાનો મહિમા ગવાયો છે. આબાલ વૃદ્ધ સૌ પોતાના જીવનકાળ દરમ્યાન પ્રાર્થના કરતો રહે છે.

પ્રાર્થના એટલે યાચના-ઈશ્વર પાસેથી કંઈક મેળવવાની કે પ્રાપ્ત કરવાની અપેક્ષા. સુખશાંતિ, ઐશ્વર્યની મહેચ્છા, ધનવૈભવ, સમૃદ્ધિની અપેક્ષા, જ્યારે આધ્યાત્મિક સાધનામાં ડૂબેલા સંતો માટે પ્રાર્થના ચિત્તશુદ્ધિનું અધ્યાત્મિક સાધન છે. વાતાવરણની કે મનની શુદ્ધતા, નિર્મળતા, પવિત્રતા માટે પ્રાર્થના આવશ્યક અને અનિવાર્ય છે. તદ્ઉપરાંત ઈશ્વર પ્રાપ્તિ માટેનો સરળ અને હાથવગો માર્ગ પ્રાર્થના છે. જેનાથી ચિતવૃત્તિ શાંત બની, આત્માની મલિનતા દૂર કરી, પવિત્રતાના પુષ્પો વડે અંતરશુદ્ધિની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. પ્રાર્થના પ્રભુની પૂજા, ઈશ્વરની ઈબાદત, પ્રેમનું સર્વોચ્ચ સ્વરૂપ છે. જેનું હૃદય નિર્મળ, પ્રેમમય, ભાવભીનું હશે તેને આ પૂજા, ઈબાદતના સ્વરૂપમાં શ્રદ્ધા બેસશે. આથી પ્રાર્થના ફક્ત ઈશ્વરની પૂજાથી વિશેષ મનુષ્યની પોતાની આરાધના છે. પ્રેમભક્તિની સાધના છે. જેમાં પ્રાર્થના એટલે વિનંતી પરંતુ તે કશાકની પ્રાપ્તિ માટે નહિ પરંતુ સ્નેહને શરણે જવાની, પરમાત્માની હાજરીની અનુભૂતિ થાય તે ક્ષણ માટેની વિનંતી. પ્રાર્થનાનો સામાન્ય અર્થ માંગવું થાય. મનુષ્ય પોતાની આધિ, વ્યાધિ, ઉપાધિ દૂર કરી પરમ સુખની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે. આથી સાંસરિકોની પ્રાર્થના સ્વાર્થ માટે જ્યારે સાધુસંતોની પ્રાર્થના નિસ્વાર્થ માટે છે.

શ્રીમદ્ ભાગવતની રતિદેવની પ્રાર્થના જાણવા જેવી છે.

ન ત્વહં કામયે રાજ્યં, ન સ્વર્ગનાપુનર્ભવમ્ ।<br>
કામયે દુઃખ તાતાનાં, પ્રાણીનામાર્નનાશનમ્ ॥

આ પ્રાર્થનામાં રાજ્ય, સ્વર્ગ કે મોક્ષની આશા રાખ્યા વિના દુઃખથી આર્ત બનેલા બધા પ્રાણીઓના દુઃખ દર્દો દૂર થાય એવી ભાવના વ્યક્ત કરતી નિસ્વાર્થ વિનંતી છે. આ વિનંતી માટેની પ્રથમ શરત પ્રેમ છે. જે મનુષ્યને પ્રેમ કરી શકતો નથી એ પ્રભુને પ્રાર્થી શકતો નથી. આથી આપણે સ્વને કે અન્યને ઓળખવા ઈચ્છતા હોઈએ તો પ્રાર્થના જેવું પ્રબળ કોઈ સાધન નથી. આમ પ્રેમ, ભક્તિ અને પ્રાર્થના એક જ રેખા પરનાં ત્રણ બિંદુઓ છે. પ્રેમ વગર ભક્તિ અને ભક્તિભાવ વિના પ્રાર્થના શક્ય નથી. પ્રાર્થનાને અનુરૂપ ભક્તોનું ચાર પ્રકારમાં વર્ણન કરી શકાય. આર્ત-પોતાના દુઃખ દર્દો તેમજ આધિવ્યાધિ અને ઉપાધિમાંથી મુક્તિ માટે પ્રાર્થના કરે. જિજ્ઞાસુ-આત્માનું અને ઈશ્વરનું સાચુ સ્વરૂપ પામવા પ્રાર્થનાનો માર્ગ અપનાવે. અર્થાર્થી-ભૌતિક સમૃદ્ધિ અને ધનદોલતની પ્રાપ્તિની મહેચ્છા માટે પ્રાર્થના કરે. જ્ઞાની-નિષ્કામ ભાવે માત્ર ભક્તિભાવથી પ્રેરાઈને જગત કલ્યાણ અર્થે સર્વોત્તમ સાધન તરીકે પ્રાર્થના અપનાવે.

પ્રાર્થનાને વાણી કે ભાષાના માધ્યમની ભાગ્યે જ આવશ્યકતા રહે છે. તેમ છતા પ્રાર્થના બોલવાથી કે ગાવાથી ચિત્ત અને વાતાવરણમાં શાંતિ પ્રસરે છે. પ્રાર્થનાને સમય કે સ્થળનું બંધન નથી. તેમ છતાં સાધુસંતો કે વ્યક્તિઓ મહદ્અંશે દિનચર્યાનો પ્રારંભ પ્રાર્થના કે પ્રભુસ્મરણથી કરે છે. સવારમાં મન પ્રફુલ્લિત અને સ્વસ્થ હોય છે. આથી પ્રાર્થનામાં વાળવાનું સરળ બને છે. દિવસભરની સ્વાર્થભરી દોડાદોડીમાં અનેકવિધ પ્રવૃત્તિઓમાં આપણુ મન એટલું થાકી ગયું હોય છે કે તે ક્યાંક શરણ શોધે છે. સાયં કે રાત્રિ પ્રાર્થના તે અવકાશ પૂરો પાડે છે. આમ પ્રાર્થના કયા સ્વરૂપે સ્થળે કે સમયે કરીએ તે મહત્ત્વનું નથી. મહત્ત્વનું છે પ્રાર્થનાનું હાર્દ. અંતરંગની ઓળખ મેળવવી, સચરાચરમાં વ્યાપ્ત ઈશ્વરની અનુભૂતિને ચિત્તપ્રદેશમાં જગવવા માટે પ્રાર્થના ચિનગારી બને છે. પ્રાર્થનાને પાપના પ્રાયશ્ચિત માટેનો ઉપવાસ બનાવી, અંતરનું ઈશ્વર સાથે અનુસંધાન કરતા સાચી પ્રાર્થનાનો આરંભ થાય છે.

પ્રાર્થના વ્યક્તિને જીવન જીવતા, વિકસાવતા અને નમતા શીખવે છે. જીવન એટલે જીવવું વધવું અને નમવું. આથી પ્રાર્થના સરળ જીવન માટે માર્ગ મોકળો કરી આપે છે. આપણે સૌ પ્રાર્થના વડે જીવનને મહાન બનાવીએ.

Scanned with CamScanner

સામાન્ય મંત્રી



દર્શન દેસાઈ

માર્ચ-૯૩ ની
પરીક્ષામાં કોલેજમાં પ્રથમ



અનીશાબાનુ પેઈન્ટર

[illegible]



અસ્માબાનુ મોરાત



નવા નિમાયેલ આચાર્યશ્રી ડૉ. ડી.પી. પટેલનું
સન્માન કરતા ડૉ. જયેશ નાયક




પીએચ.ડી. પ્રાપ્તકર્તા ડૉ. જયેશ એ. નાયક



યુનિ. વ્યાખ્યાનના વક્તા ડૉ. દિનુભાઈ નાયકનું અભિવાદન



વિશેષ સિદ્ધિ પ્રાપ્તકર્તા ડૉ. જયેશ નાયકને ગુરુવર્ય
ડૉ. સી.ઝેડ. શાહના આશીર્વચન



અંકલેશ્વર તાલુકાના પ્રા. શાળાના વિદ્યાર્થીઓની વક્તૃત્વ
સ્પર્ધામાં પ્રમુખ સ્થાને શ્રી મહંમદભાઈ લેવાત



સુક્ષ્મ અધ્યાપન શિબિરના પ્રવક્તાઓ સાથે

Scanned with CamScanner



કોલેજ પરિવાર -'૯૩-'૯૪

Scanned with CamScanner



વિદ્યાર્થી સંઘ ૧૯૯૩-૯૪



શિક્ષણ શુધ્ધિ યજ્ઞમાં સહયોગ



સાક્ષરતા અભિયાનમાં સંગીતના તાલે



પી.એચ.ડી. પ્રાપ્તકર્તા ડૉ. જયેશ નાયકના સન્માન પ્રસંગે
પ્રમુખ સ્થાને શ્રી સુનિલભાઈ બી. પટેલ



સાક્ષરતા અભિયાનમાં સહયોગ

Scanned with CamScanner

# વાર્ષિકોત્સવ



ભાંગડા નૃત્ય






મિમિક્રી



ગરબો

વાર્ષિકોત્સવ





નાટક : "ભાગેલી વહુ"

વાર્ષિકોત્સવ



રાજસ્થાની નૃત્ય



નાટક : "પૈસો એ જ પારસમણિ"



સમુહગીત



લગ્ન ગીત

Scanned with CamScanner

# ‘બદલાતી શિક્ષણ પરિસ્થિતિમાં શિક્ષકનું કર્તવ્ય’

ડૉ. જયેશ એ. નાયક

સમાજમાં ચાલતા અનેક વ્યવસાયો પૈકી શિક્ષકનો વ્યવસાય એક ઉમદા વ્યવસાય છે. એ વ્યવસાય સ્વીકારનાર વ્યક્તિનું મહત્ત્વ જેટલું આંકીએ એટલું ઓછું છે. શિક્ષકની પર્સનાલિટી જ્યારે ટાવર બની જાય છે ત્યારે તેને ગુરુ કહે છે. સાચા શિક્ષક બનવા માટે નિષ્ઠા, આત્મગૌરવ અને કર્તવ્યપરાયણતાની જરૂર છે. સર્વત્ર ઉહાપોહ જોવા મળે છે, ત્યારે શિક્ષણની જવાબદારી ચરમસીમાએ પહોંચે છે. પહેલાનાં સમયમાં શિક્ષણની ગુણવત્તા વધુ હતી અને હાલ ઓછી છે એવી વાત થાય છે. આ માટેનો એક પ્રસંગ યાદ આવે છે.

કૉલેજમાં એક પ્રાધ્યાપકે એક આચાર્યને પૂછ્યું, ‘હવેની પેઢીમાંથી શિક્ષણ પ્રત્યેનો લગાવ ઓછો થતો જાય છે. શિસ્ત કથળતું જાય છે, વડીલો પ્રત્યેનું માન ઓછું થતું જાય છે.આવી વાત કોણે કેટલા સમય પહેલાં કહી હતી ?’ આચાર્યે વિચારી જણાવ્યું કે આ વાત ગાંધીજી કે ગોખલે જેવી વ્યક્તિએ પાંચ-પચાસ વર્ષ પૂર્વે કરી હશે. તો પ્રાધ્યાપકે જણાવ્યું કે આ શબ્દો તો પ્લેટોના છે. એટલે કે હજારો વર્ષોથી ચાલુ પેઢી નવી પેઢીની બાબતમાં આવો જ ખ્યાલ ધરાવે છે. આવું બોલનારા પોતાના વિદ્યાર્થી જીવનમાં સારો વિદ્યાર્થી હોવાનો સંભવ છે. અને પોતે સરેરાશ વિદ્યાર્થીને ધ્યાનમાં રાખી બોલે છે. જો તેઓ પોતાના સમયના સરેરાશ વિદ્યાર્થી સાથે આજના સરેરાશ વિદ્યાર્થીને સરખાવે તો કદાચ સરેરાશ વિદ્યાર્થી નબળો પડ્યો હશે, પરંતુ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓની કક્ષા તથા સંખ્યા વધતાં જ જાય છે. હાલ અભ્યાસ પણ ઊંડાણપૂર્વક થતો જોવા મળે છે.

શિક્ષણમાં નવાં તત્ત્વો પ્રવેશતાં જાય છે. શાળા કૉલેજોમાં હાલ અભ્યાસક્રમોમાં કોમ્પ્યુટર દ્વારા પ્રવેશેલા શિક્ષણની ગતિ ભલે ધીમી હોય પણ સમય જતાં એ દરેક સ્તરમાં દાખલ થઈ જશે અને જ્ઞાનની કક્ષા ઊંચી જશે. આવતી કાલે શાળાનો સમય ઘટશે અને ટી.વી. શિક્ષણનો સમય વધશે. અન્ય દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો વપરાશ પણ વધશે. શિક્ષણનું સમગ્ર ચિત્ર બદલાશે. વર્ગખંડ શિક્ષણ સમૃદ્ધ ન હશે તો તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટશે. અને તેને સ્થાને ઓપન સ્કૂલ્સ, ઓપન કોલેજીસ કે ઓપન યુનિવર્સિટીઓ વધતી જશે. સમાજમાં જેમ ફેરફાર થાય છે તેમ શાળા-કૉલેજોના અભ્યાસક્રમોમાં પણ ફેરફાર થશે. હવે વિશિષ્ટ ધંધાદારી નહિ એવા લીબરલ એજ્યુકેશનની કિંમત ઘટતી જશે. વિશિષ્ટ ધંધા ઉદ્યોગોમાં વિશિષ્ટ આવડતોની જરૂર પડે છે જે માટે કાં તો ધંધાદારી અથવા વ્યવસાયલક્ષી અભ્યાસો જરૂરી બનશે અથવા વ્યવસાયમાં જ તાલીમની વ્યવસ્થા કરવામાં આવશે, તેથી શાળા-કૉલેજોનું મહત્ત્વ ઘટશે. આમ જ્ઞાનની દિશા વધુને વધુ પ્રમાણમાં ખુલતી જશે અને શિક્ષકો સજાગ ન રહેશે તો ટી.વી. પર ઓપન વર્ગો વધતા જશે.

ભારત વિજ્ઞાનના ક્ષેત્રે દુનિયામાં ત્રીજા નંબરે આવે છે તે દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે. કૃત્રિમ ઉપગ્રહો બનાવવા, રોકેટો બનાવવામાં પણ સારી પ્રગતિ સાધી છે. મહાસાગરો અંગેના શાસ્ત્રો (Oceanogaphy) અને પેટ્રોલિયમની શોધ તથા તેના અભ્યાસક્રમો યુનિવર્સિટીઓમાં શરૂ થઈ જશે. ઉત્ખનન શાસ્ત્ર (Ocean archcology), કુદરતી ઊર્જાના ઉપયોગો, મેનેજમેન્ટ, ચિકિત્સાવિજ્ઞાન, સંચાલન જેવા ક્ષેત્રે સંશોધનો થઈ રહ્યાં છે. જીનેટીક્સ એન્જિનીયરીંગનું માનવના જીન્સ અંગેનું સ્વતંત્ર વિજ્ઞાન વિકાસ પામી રહ્યું છે. આ બધી માહિતી વિદ્યાર્થીઓ જાણીને જ્યારે વર્ગમાં આવશે ત્યારે શું આપણે એમ માનીશું કે ભાવિ વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે ? કેનેડા તથા અન્ય વિકસિત દેશોમાં તો બજારમાં વિદ્યાર્થીઓને પોતાના વિષયના મુદ્દાને અનુરૂપ અને સંદર્ભ તરીકે ઉપયોગી થઈ પડે તેવી કેસેટો મળે છે. તેથી વિદ્યાર્થી પોતાને જે મુદ્દો સ્પષ્ટ ન થયો હોય અથવા વધુ ઊંડાણથી અભ્યાસ કરવા માગતો હોય તો તે વિષયવસ્તુની કેસેટ વડે ફરી ઘરે અભ્યાસ કરે છે. આવો તૈયાર થયેલો વિદ્યાર્થી જ્યારે વર્ગખંડમાં આવી પ્રશ્નો પૂછશે ત્યારે સોનાનો સૂરજ ઊગશે પરંતુ તે વખતે આપણે સજ્જ ન હોઈશું તો કેમ ચાલશે ?

તાત્પર્ય એ છે કે આપણે શિક્ષક તરીકે પરિવર્તનશીલ બનવાનું છે. તે માનવી જ ભણેલો છે જે કેમ શીખવું તે શીખ્યો છે, જે પરિવર્તન સાથે અનુકૂલન સાધવાનું અને પરિવર્તનશીલ બનવાનું શીખ્યો છે. આજે આપણે શાળામાં શીખવીશું તે



Scanned with CamScanner

આવતા થોડા વર્ષોમાં શિક્ષણની પરિસ્થિતિ બદલાઈ
બે-ચાર વર્ષમાં કાલગ્રસ્ત થઈ જવાનું છે. એનું સ્થાન નવું જ્ઞાન લેશે. તેથી શિક્ષક વર્ગમાં પ્રત્યક્ષ અધ્યાપન કાર્યથી મુક્ત બની જશે.
જશે. અધ્યાપન યંત્ર પર વર્ગશિક્ષણ વધુ અવલંબિત બનશે. અને શિક્ષક ફક્ત નિરીક્ષક બની રહેશે. પરંતુ તેના કાર્યનો
વિદ્યાર્થી કોમ્પ્યુટરના ઉપયોગથી સ્વ-અધ્યયનથી આગળ વધશે એક વિભાગનું કામ કોમ્પ્યુટર માટે જુદા જુદા વિષયોના 'સોફ્ટવેર'
પ્રકાર બદલાઈ જશે. તે બે વિભાગમાં વહેંચાઈ જશે. નહીં આવે. તેઓ જુદા જુદા વિષયોમાં જ્ઞાનપ્રાપ્તિ, સમજ,
વિકસાવવાનું હશે. આ શિક્ષકો સીધા વિદ્યાર્થીઓ સાથે સંપર્કમાં તેવા બહુમાધ્યમ સંપુટ તૈયાર કરશે. તેનો ઉપયોગ
સંકલ્પનાનો વિકાસ, જ્ઞાનનો ઉપયોગ જેવા હેતુઓ સિદ્ધ કરી શકાય અભિક્રમિત અધ્યયન, મોડેલ્સ, મેથેટ્રિક્સ જેવી
વિદ્યાર્થીઓ કોમ્પ્યુટરથી કરશે. આ જૂથના નિષ્ણાત શિક્ષકો પ્રશ્ન બેંક, વિદ્યાર્થીઓ સાથે પ્રત્યક્ષ સંપર્કમાં રહેશે,
પ્રયુક્તિઓનો ઉપયોગ કરી કેસેટો પણ તૈયાર કરશે. શિક્ષકોનું બીજું જૂથ વર્ગખંડમાં મૂલ્યાંકન કાર્ય શિક્ષક કરશે. કોમ્પ્યુટર
અને કોમ્પ્યુટર દ્વારા જે બહુમાધ્યમ સંપુટ થાય તેનું સંચાલન કરશે. યંત્રની વ્યવસ્થા તથા કૌશલ્યો વિકસાવવાનું કે જોવાનું કાર્ય
વગર લાંબા ગાળાના શૈક્ષણિક હેતુઓ સિદ્ધ કરવાનું, વિદ્યાર્થીઓના રસ, વલણ,
શિક્ષકો કરશે.

શિક્ષણ દ્વારા કેવો સમાજ તૈયાર કરવો છે તેનું પ્રથમ આયોજન આપણે કરવું પડશે. શિક્ષણનો વિચાર સમગ્રતાના
પરિપ્રેક્ષ્યમાં થવો જોઈએ. આજે પણ પાઠ્યપુસ્તકોમાં તો ક્યાંય અનૈતિકતાના પાઠો ભણાવાતા નથી. નૈતિકતાના ભરપૂર
ઉપદેશ અપાય છે. છતાં સમાજમાં અનૈતિકતાનું આટલું પૂર કેમ છે ? કારણ ઉપદેશ અને વ્યવહાર વચ્ચે અનુબંધ નથી.
સત્તાને વેચાય ન ગયા હોય, સુખ સગવડની આળપંપાળમાં ફસાઈ ન પડ્યા હોય, પદ-પ્રતિષ્ઠા પાછળ ન પડ્યા હોય એવા
પ્રજ્ઞાવાન, મેધાવી શિક્ષકોની આજે જરૂર છે. આવા થોડા હશે તો ઘણા. કટોરો દૂધ જમાવવા એક ટીપું મેળવણ પૂરતું છે.
આવા મહાજનો પર આવતી કાલ અવલંબે છે. આપણે પહેલ કરવાની જરૂર છે. ચારિત્ર્યશીલ નાગરિકો પેદા કરવાની
સૌથી મોટી જવાબદારી શિક્ષકની છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થાના મૂલ્યનો આધાર ત્યાં કાર્ય કરતા શિક્ષકગણ પર છે. તેથી
મૉડેલ, યંત્રો, નીતનવિન સાધનોને શિક્ષકોએ આવકાર આપી શિક્ષણના નવા પડકારને શિક્ષકે ઝીલી લેવાની જરૂર છે.
સમયનો એ તકાદો છે.

શિક્ષકોનો સમૂહ શિક્ષણ સુધારણાની વાત આવે ત્યારે વગોવાયો છે. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે શિક્ષકોએ
ક્રાંતિકારી પરિવર્તનો ભલે ન આણ્યાં હોય પરંતુ સ્પષ્ટ રૂપે અને ક્રમિક ધીમા સ્વરૂપે અનેક પ્રકારનાં પરિવર્તનો શિક્ષકોએ
આણ્યાં છે. શિક્ષક સંઘોનું કાર્ય ફક્ત શિક્ષકને રક્ષણ અપાવવાનું જ નથી પરંતુ તેમની ફરજ પ્રત્યે સભાન કરાવવાનું પણ
છે. સ્વીસ સંઘોએ સો જેટલાં શૈક્ષણિક પ્રકાશનો કરી ક્ષેત્રને લાભ આપ્યો હતો. અને સ્વીટ્ઝરલેન્ડ, ફ્રાન્સે વાણિજ્ય અને
રાજનીતિના પ્રભાવથી મુક્ત રહી શૈક્ષણિક સુધારણા કરી હતી. ઈંગ્લેન્ડ અને વેલ્સના સંગઠનોને અભ્યાસક્રમ સુધારણાનાં
કાર્ય સોંપાયાં હતાં. ૭૦૦ જેટલા શિક્ષક-તાલીમ કેન્દ્રો સ્થપાયાં હતાં. સ્કોટલેન્ડમાં એક ટીચીંગ કાઉન્સીલ સ્થપાઈ હતી,
જેને શિક્ષણમાં પ્રવેશ, શિક્ષણ સંચાલન, વ્યવસ્થા જેવાં કાર્યો સોંપાયા હતાં. યુગોસ્લાવિયામાં શાળાની આત્મનિર્ભરતા અને
સ્વાયત્ત વ્યવસ્થા ઊભી કરવામાં શિક્ષક સંઘોએ ભાગ ભજવ્યો. આમ નવા વિચાર, નવાં વલણો, નવી કાર્યરીતિઓના
પ્રચાર-પ્રસાર અને અમલ થાય એવાં કાર્યો સંઘો કરી શકે. એમનામાં એ ક્ષમતા છે. આ ક્ષમતાઓનો ઉપયોગ શિક્ષણ સ્તરને
ઊંચે લાવવા થાય તે જરૂરી છે.

શિક્ષણ પ્રક્રિયાનો આધારસ્તંભ શિક્ષક છે. S. K. Kocchar ના મતે "One of the basic truths in education
is that the quality of education depends largely upon the quality of the teacher.

ઉપરોક્ત વિચારોનું તારણ કાઢતાં જણાશે કે કેળવણીની પ્રક્રિયામાં જવાબદાર અને મહત્ત્વનું અંગ હોય તો તે શિક્ષક.
આવા શિક્ષકમાં વ્યવસાયિક કુશળતા ઉપરાંત કેળવણીના કાર્ય પ્રત્યે અપાર પ્રેમ, ભક્તિ હોય તે જરૂરી છે. એકાત્મતા કે
આત્મીયતા કેળવવા માટેના સાધન-માર્ગો શોધી શકે, બાળકોને પૂરાં પાડી શકે, ઉપરાંત એક સંપૂર્ણ જીવનની એકાગ્રતા
એટલે શું ? એવી જેની પાસે સમજ હોય એવી વ્યક્તિએ જ શિક્ષણ જેવો પવિત્ર વ્યવસાય સ્વીકારવો જોઈએ. આવો
શિક્ષક પ્રજ્ઞાવાન અને જાગ્રત હોય એ પણ જરૂરી. આવા માનવ શિક્ષકની આજે પણ સમાજમાં અછત નથી. ડૉ. રાધાકૃષ્ણને
આપણને અપાવેલ ગૌરવને ઉન્નત રાખવા આપણે કાયમી પ્રયત્ન કરતા રહીએ એ જ અભ્યર્થના.

- સંદર્ભ : ''કેળવણીનું આહ્વાન.''



Scanned with CamScanner

# સંજીવની સમાન સ્પર્ધાઓ .....

પ્રા. જયંત એ. શાહ

વર્ષો પૂર્વે ગ્રીકના પ્રજાજનો સ્પર્ધાના મહત્ત્વને સારી રીતે સમજ્યા હતા. તેઓ પોતાના યુવાનોની તંદુરસ્તી અને શૌર્ય જળવાઈ રહે અને તેઓ યુદ્ધમાં સારો જુસ્સો દાખવી શકે, તે માટે ઑલિમ્પિક્સ રમતગમતોનું આયોજન કરતા હતા. ત્યાંથી રમતગમતની આ સ્પર્ધાઓનો ખ્યાલ યુરોપ અને અન્ય દેશોમાં પ્રસાર પામ્યો. આ સ્પર્ધાઓ ઉત્કૃષ્ટ સ્વરૂપે આજે તો આંતરરાષ્ટ્રીય કક્ષાએ દરેક ક્ષેત્રમાં વ્યાપ્ત છે. વર્તમાન યુગને તો 'સ્પર્ધાયુગ' તરીકે જ ઓળખાવી શકાય. આર્થિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે તેમજ શિક્ષણ ક્ષેત્રે સ્પર્ધાઓનું તત્ત્વ વિશાળ પ્રમાણમાં દાખલ થયું છે. સ્પર્ધા તો સમકાલીન યુગનું અનિવાર્ય ઘટક બની ગયું છે. આ સ્પર્ધાના યુગમાં આપણો વિદ્યાર્થી પાછળ ન પડી જાય અને સ્વસ્થતાપૂર્વક તેનો મુકાબલો કરી શકે, તે માટે તેને યોગ્ય તાલીમ આપવાની મુખ્ય જવાબદારી શિક્ષણ સંસ્થાઓની છે. શિક્ષણ સંસ્થાઓ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન અવાર-નવાર થવું જ જોઈએ. કારણ કે હવે દરેક વ્યક્તિ સ્પર્ધાઓની મધ્યમાં જીવે છે.

ઔપચારિક શિક્ષણ કરતા શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ વડે વિદ્યાર્થીઓને સાચા અર્થમાં જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે. સાચી દિશામાં પ્રવૃત્તિઓને વેગવાન બનાવવામાં સ્પર્ધાઓ મહત્ત્વનું પરિબળ છે. સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને ઈનામો, શીલ્ડ કે પ્રશંસા જેવી બાબતો મળે છે, તે તેમને શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટેની ઉત્તમ પ્રેરણા પૂરી પાડે છે. ક્યારેક સ્પર્ધામાં મળતી નિષ્ફળતા જીવનમાં જરૂરી એવા મૂલ્યવાન પાઠો પણ શીખવી જાય છે. અભ્યાસમાં, રમતગમતમાં કે શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં થતી સ્પર્ધાઓ વિદ્યાર્થીઓને ઉન્નત બનાવે છે. સ્પર્ધાઓ વિદ્યાર્થીઓમાં ખેલદિલી અને સહજતાપૂર્વક નિષ્ફળતાઓનો સામનો કરવાની કુનેહ વિકસાવે છે. દરેક ક્ષેત્રની સ્પર્ધા વ્યક્તિને પોતાનામાં રહેલ ઉત્તમ તત્ત્વ બહાર લાવવાની તક પૂરી પાડે છે. આમ સ્પર્ધા વિદ્યાર્થીઓને તેમની મરજીથી, રસપૂર્વકના સાર્થક શિક્ષણ તરફ દોરી જવાનું કાર્ય કરે છે. અને વિદ્યાર્થીના વર્તનમાં સાચી દિશા તરફનું પરિવર્તન લાવવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

પશ્ચિમનાં દેશોમાં કેટલીક શાળાઓમાં House System ચાલે છે. આખી શાળાને જુદા જુદા હાઉસિઝમાં વહેંચી દેવામાં આવે છે. સમગ્ર વર્ષ દરમ્યાન આ હાઉસિઝ વચ્ચે રચનાત્મક હરિફાઈઓ યોજાતી રહે છે. સમૂહ-સમૂહ વચ્ચેની આ સ્પર્ધાઓને કારણે દરેકને પોતાના જૂથ પ્રત્યે મમત્વ (આત્મીયતા)ની ભાવના જાગૃત થાય છે. આમ સદ્‌ગુણોના વિકાસ સાથે વિદ્યાર્થીઓને પોતાનામાં રહેલ ઉત્તમ તત્વ બહાર લાવવાની, ખમીર ઝળકાવવાની પૂરતી તક સાંપડે છે.

બી. એડ્. કૉલેજોમાં દર વર્ષે કોઈ પણ એક શાળામાં એક અઠવાડિયા માટે મથકેતર શિક્ષણ કાર્યક્રમનું આયોજન થાય છે. તે દરમ્યાન શિક્ષણકાર્ય સાથે જે તે શાળાના વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. આ કાર્યક્રમો અંગે દરેકના અનુભવ પરથી જોવા મળ્યું છે, કે જે શાળામાં ખાસ કરીને આવા પ્રકારનાં આયોજનો યોજાતા નહીં હોય, એવી શાળાના વિદ્યાર્થીઓ પણ ઉમંગભેર હરિફાઈઓમાં ભાગ લેતા હોય છે. તે શાળાના શિક્ષકો પણ આશ્ચર્ય સાથે સ્વીકારતા હોય છે કે ''અમને ખબર નહોતી કે અમારી શાળાના વિદ્યાર્થીઓમાં આટલું ખમીર પડ્યું છે.'' સ્પર્ધાઓને કારણે વિદ્યાર્થીઓનો ઉત્સાહ એટલો ઉચ્ચ હોય છે કે એક અઠવાડિયા માટે સમગ્ર શાળાનું ભાવાવરણ બદલાઈ જતું હોય છે.

ઘણી શાળાઓમાં આ પ્રકારની પ્રવૃત્તિઓને એમ કહીને ટાળી દેવામાં આવે છે કે ''અમે અભ્યાસક્રમ પૂરો કરાવવા જઈએ કે પછી આ બધું કરાવવા જઈએ.'' પરંતુ એમની આ દલીલ અનેક રીતે ખોટી પૂરવાર થાય એવી નબળી છે.
કુદરતે દરેક શાળાને એવા એકાદ બે ઉત્સાહી શિક્ષકો આપ્યા જ હોય છે, કે જે આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે અભ્યાસક્રમની સાથોસાથ દિલથી આવી પ્રવૃત્તિઓ કરાવવા તત્પર હોય છે. આ માટે સમાજની સેવાભાવી સંસ્થાઓના સહકારથી સરસ રીતે શાળાના આચાર્યશ્રી આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરી શકે. અભ્યાસક્રમની સાથે રહીને દરેક શાળાએ સ્પર્ધાઓનું આયોજન ગોઠવવું જ જોઈએ. ઉપરાંત તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની સ્પર્ધાઓ યોજાય તેમાં પણ ઉત્સાહભેર ભાગ લેવો જોઈએ. આ માટે પ્રેરણા પૂરી પાડવાનું કામ માત્ર શિક્ષકો જ ઉત્તમ રીતે બજાવી શકે. શિક્ષકોએ સમય ફાળવી ભાગ લેનાર વિદ્યાર્થીઓને જરૂરી તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. વિદ્યાર્થીજીવનમાં આવી સ્પર્ધાઓનું સહભાગીપણું ખરેખર એક જીવનસંભારણું બની રહેતું હોય છે.

Scanned with CamScanner

આ સ્પર્ધાઓમાં મુખ્યત્વે બે પ્રકારની સ્પર્ધાઓ જોવા મળે છે. (૧) બૌદ્ધિક (૨) શારીરિક. અહીં આપણે કેટલી સ્પર્ધાઓનાં નામ જોઈશું.

● વક્તૃત્વ / શીઘ્ર સ્પર્ધા ● નિબંધ / શીઘ્ર સ્પર્ધા ● ● ઈન્ટરવ્યૂ સ્પર્ધા ● સ્મૃતિ સ્પર્ધા ● સમૂહગીત સ્પર્ધા ● ગરબ સ્પર્ધા ● વર્તમાન પત્રકે સામયિકમાંથી શ્રેષ્ઠ લેખનું સંગઠન ● મહેંદી સ્પર્ધા ● વાદવિવાદ સ્પર્ધા ● શીઘ્ર સભા કૌશલ્ય સ્પર્ધા ● પાદપૂર્તિ સ્પર્ધા ● દોડ સ્પર્ધા ● કઠોળ છૂટા પાડવા સ્પર્ધા ● ત્રીપગી દોડ સ્પર્ધા ● ચિત્તા લંગડી સ્પર્ધા ● કાવ્યપઠન સ્પર્ધા ● ચિત્રકામ ● ● ક્વીઝ સ્પર્ધા ● નાટક ● એકપાત્રીય અભિનય ● કેરમ ● વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા ● દીવો પ્રગટાવવો ● વાતચીત સ્પર્ધા ● સુલેખન સ્પર્ધા ● જૂથચર્ચા સ્પર્ધા ● લાંબી કૂદ સ્પર્ધા ● કોથળા દોડ ● લોટમાંથી પૈસા શોધવા સ્પર્ધા ● તરણ સ્પર્ધા ● વાચન / શીઘ્ર સ્પર્ધા ● પ્રશ્નોત્તર લેખન સ્પર્ધા ● કોથળા ઉકેલ ● વેશભૂષા સ્પર્ધા ● રાસ સ્પર્ધા ● ચેસ સ્પર્ધા ● જાહેરખબર અનુકરણ સ્પર્ધા ● વર્ગસુશોભન સ્પર્ધા ● સમાચાર લેખન સ્પર્ધા ● ટિકિટ સંગ્રહ સ્પર્ધા ● કેળા કૂદ સ્પર્ધા ● આંખે પટ્ટી બાંધી માટલા ફોડ સ્પર્ધા ● સાયકલ (ફાસ્ટ, સ્લો) સ્પર્ધા વગેરે અનેકવિધ સ્પર્ધાઓની યાદી વધુ લંબાવી શકાય. સ્પર્ધાઓની યાદી નજર સમક્ષ હોય તો આયોજકને તેની પસંદગીમાં અનુકૂળતા રહે. શાળાના વાર્ષિક આયોજનમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ સમયની અનુકૂળતા મુજબ સમાવી લેવામાં આવે, તો સ્પર્ધાના ઉત્તમ પરિણામો સાથે મનોરંજન પણ મળે. સ્પર્ધાની પ્રવૃત્તિથી વિદ્યાર્થીની ઊર્જા યોગ્ય માર્ગે વળવાથી શિસ્તના પ્રશ્નોનું પ્રમાણ પણ નહિવત બને છે.

આ સ્પર્ધાનો અનુભવ વિદ્યાર્થીઓમાં ચેતનાનો સંચાર કરી આત્મવિશ્વાસરૂપી સંજીવની બક્ષે છે. મૂર્છિત અવસ્થામાં જીવતી શાળાઓમાં સ્પર્ધાને કારણે નવચેતન પ્રગટે છે. તો આવા સુંદરત્તમ ઉપાય પ્રત્યે શાહમૃગવૃત્તિ ધારણ કરવી કોઈના પણ હિતમાં નથી. આ સ્પર્ધા જેવા active agent નો લાભ દરેક શિક્ષણ સંસ્થાઓએ લેવો જ જોઈએ. વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે વર્ગશિક્ષણ ઉપરાંત અનેક પ્રવૃત્તિઓનું હેતુપૂર્વક આયોજન કરી, તેમનું વ્યવસ્થિત મૂલ્યાંકન કરવામાં આવે, અને તે પરથી વિદ્યાર્થીઓને તે પ્રવૃત્તિઓમાં વધુ સારી રીતે હિસ્સો લેવા માટે તાલીમ આપવામાં આવે, તો એ પ્રવૃત્તિઓનું ઘડતરમૂલ્ય અનેકગણું વધે છે. શિક્ષકો દ્વારા આ થઈ શકે તે માટે વિપુલ પ્રમાણમાં આ પ્રકારની સ્પર્ધાઓ વિષયક માર્ગદર્શક સાહિત્ય તૈયાર થવું જોઈએ. આ માટે એક પુસ્તક ''બૌદ્ધિક સ્પર્ધાઓ'' - અનડા પ્રકાશન - અમદાવાદ દ્વારા પ્રકાશિત થયું છે. અને ગુ. રા. શાળા પા. પુસ્તક મંડળ ગાંધીનગર દ્વારા પ્રકાશિત સામયિક ''પ્રત્યાપન'' અંક-૧ જાન્યુ. - માર્ચ - ૧૯૯૩ લેખાંક-૫માં જરૂરી મૂલ્યાંકન માપદંડો સારી રીતે દર્શાવ્યા છે. આ ઉપરાંત અન્ય સાહિત્ય હોય તો તેનો બહોળા પ્રમાણમાં પ્રસાર થવો જોઈએ.

શિક્ષકો તેમના વ્યવસાયી કર્તવ્યની એક અગત્યની તેમજ ખૂબ જ વિકાસ પામી રહેલી આ બાજુ માટે શાસ્ત્રીય સમજ મેળવી શકે, તે માટેના તાલીમ વર્ગોનું પણ આયોજન થવું જોઈએ. આ અંગે નિષ્ણાત વ્યક્તિઓનાં વ્યાખ્યાન ગોઠવી શકાય. મોટા શહેરોમાં Individual development courses માટે મોટી રકમની ફી ચૂકવાતી હોય છે. ભારતીય જુનિયર ચેમ્બર જેવી સંસ્થાઓ દ્વારા પણ વ્યક્તિત્વ વિકાસને લગતા આ પ્રકારના વર્ગોનું આયોજન કરવામાં આવતું હોય છે. તો હવે દરેક શિક્ષણ સંસ્થાઓએ અભ્યાસક્રમની સાથોસાથ વિવિધ શિક્ષણેતર પ્રવૃત્તિઓ અને તેની સ્પર્ધાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જે સંસ્થાઓમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ થાય છે તેમને ઉત્તમ લાભ મળ્યા જ છે જેમ કે .....

વિદ્યાર્થીઓની પ્રવૃત્તિનું ઉર્ધ્વીકરણ, સામાજિક વિકાસ, નૈતિકતાની તાલીમ, શારીરિક વિકાસ, નાગરિકત્વના ગુણોનો વિકાસ, સર્જનાત્મક શક્તિનો વિકાસ, વ્યક્તિગત અભિરૂચિનો વિકાસ, નેતાગીરી અંગેની તાલીમ, શિસ્તનો વિકાસ, સૌંદર્ય દ્રષ્ટિનો વિકાસ વગેરે ફલશ્રુતિઓ જોવા મળે છે.

પણ હા ..... જો આ સ્પર્ધાઓ અંગે યોગ્ય આયોજન નહી થાય અને ધારા ધોરણની જાળવણીમાં ખામી રહે તો તેના નુકશાનકારક પરિણામ પણ ભોગવવા પડે એટલે સ્પર્ધામાં દુરાચારનું તત્વ ન દાખલ થાય એની ખાસ કાળજી રાખવી પડે. નહિ તો સ્પર્ધાઓ બાબત વિરોધી સૂર કંઈક આ પ્રકારે જોવા મળે છે.

- સ્પર્ધાઓમાં થોડા જ વિદ્યાર્થીઓને લાભ મળે છે.
- સ્પર્ધાઓ ખૂબ ખર્ચાળ હોય છે.
- સ્પર્ધાઓમાં ક્યારેક શારીરિક કે સાંવેગિક ઈજાઓ થવાનો સંભવ.
- સ્પર્ધાઓ ધંધાદારી વલણને પોષે છે.
- ક્યારેક અસામાજિકતાની લાગણીને વિકસાવે છે.
- ક્યારેક નબળી ખેલદિલી વિકસાવે છે.

આથી સ્પર્ધાઓનો યથાર્થ વિનિયોગ થાય એ જરૂરી છે. સ્પર્ધામાં જુસ્સો સારું તત્ત્વ છે, એ જળવાઈ રહે તે માટે પ્રયત્ન થવા જોઈએ. પરંતુ યેન કેન પ્રકારેણ સફળ થવું જ, એવા ઝનૂનને કારણે નુકશાન થતું હોય છે. નિર્ણાયકો દ્વારા પક્ષપાતી વલણ પણ સ્પર્ધકોમાં ઉદાસીનતા પેદા કરે છે. સ્પર્ધામાં નિષ્પક્ષતા જળવાવી જ જોઈએ. આ પ્રકારની તંદુરસ્ત સ્પર્ધાઓનું આયોજન કરી વ્યક્તિનિર્માણ કરી સમાજ અને રાષ્ટ્રના નવઘડતરમાં સંસ્થાઓ પોતાનો ઉત્તમ ફાળો નોંધાવી શકે.

Scanned with CamScanner

# મને સમય જ નથી

પ્રા. : પ્રફુલ્લસિંહ જે. રાજ

કોઈકે ખૂબ સુંદર લખ્યું છે કે .....
હે માનવ ! ! .....
''જીવન ઉપર તને પ્રેમ છે ? જો ... હા ... તો સમય ગુમાવતો નહીં. કારણ કે જીવન સમયનું બનેલું છે.''
જ્યારે આજે ચારેબાજુથી સંભળાય છે .....
''મને સમય જ નથી.''
''સવારથી ઠેઠ રાત સુધીમાં એટલું કામ રહે છે કે મને ફુરસદ જ રહેતી નથી. શું કરું ? મને સમય જ રહેતો નથી.''

આપણે કોઈ વ્યવસાયી માણસ, દુકાનદાર, નોકરીયાત, ખેડૂત, ઉદ્યોગપતિને કે વહેલી સવારથી રાત સુધી રઘવાયા બનીને ઢગલાબંધ ટ્યુશન કરીને વધુ કમાવામાં પડેલા શિક્ષક કે પ્રોફેસરને મળીએ તો ઉદ્દગારો સાંભળવા મળે ..... મને સમય જ મળતો નથી. કેટલાક તો વળી કહે મને મરવાની ફુરસદ જ નથી. સમયનો બેફામ દુર્વ્યય કરનારને, તેમજ ખોટી વાતો, ચર્ચા કે અર્થહીન પ્રવૃત્તિઓમાં સમય ગાળનારને ખરેખર સમય જ હોતો નથી. અંગ્રેજીમાં સુંદર કહેવત છે કે Busy can finds the time but lazy cannot.

મોટાભાગના માણસોને સમય નથી. પોતાના જીવન વિકાસની, વ્યાવસાયિક વિકાસની, રચનાત્મક પ્રવૃત્તિઓની બાબતમાં સમય મળતો નથી. જે કોઈ પોતાની ભરચક પ્રવૃત્તિઓમાંથી થોડો સમય કાઢી વ્યાવસાયિક વિકાસ માટે, જીવન વિકાસ માટે, રચનાત્મક-સામાજિક કાર્ય માટે, સત્કાર્ય માટે પ્રવૃત્ત હશે તે નમસ્કારને પાત્ર છે.

જ્યારે આપણને કોઈ કહે કે ''એક મિનિટનો પણ સમય મળતો નથી.'' ત્યારે આપણે તેમને કહેવું જોઈએ કે, ભાઈ સમય એ કંઈ ક્યાંય મળતી હોય એવી ચીજ નથી. સમય મળતો હોતો નથી, સમય કાઢવાનો હોય છે. માણસે સમયનો ખૂબ વિવેકથી ઉપયોગ કરવો જોઈએ કે જેથી મહત્વનાં કામો માટે સમય કાઢી શકાય. આપણો સમય ક્યાં લીક થાય છે તે આપણે આત્મનિરીક્ષણ દ્વારા શોધી નાખવું જોઈએ. કેટલાક મહાનુભાવો (?) સમય જેમ તેમ પસાર કરવા ગમે તેવી છીછરી પ્રવૃત્તિ, ગમે તેવું છીછરું વાચન વગેરેનો આશરો લે છે.

પોતાના માટે જ જીવવું એને જીવન કહેવાય ખરું ? મોટાભાગના લોકો આજે સ્વકેન્દ્રી થયા છે. ''હું અને મારું કુટુંબ''ને જ લક્ષ્ય બનાવી બેઠા છે. રાત દિવસ ધનની પાછળ ગાંડા થઈને દોડનાર લોકો આંખો મીંચીને કમાયે જ રાખે છે. તેઓ ન તો શાંતિથી જમે છે કે ન તો શાંતિથી ઉંઘે છે, ન કુટુંબમાં પત્ની બાળકો જોડે શાંતિથી બેસે છે. ધન કમાવામાં જ તલ્લીન એવા કેટલાયે બાપને પોતાનો દિકરો-દિકરી શું ભણે છે, ક્યા ધોરણમાં ભણે છે તે પણ ખબર હોતી નથી.

અલબત, માણસે કમાવું જ જોઈએ. વિશ્વમાં ભારતીય સંસ્કૃતિની વિચારધારાએ લક્ષ્મીવાનને પ્રભુના લાડકા દિકરા ગણ્યા છે. શુચીનામ્ શ્રીમતામ્ ગેહે યોગભ્રષ્ટો ભિજાયતે - ધન એવી શક્તિ છે કે જેના દ્વારા પ્રભુની નજીક જવામાં અને બીજા અનેકોને પણ પ્રભુની નજીક લઈ જવા માટેના સત્કાર્યો કરી શકાય. શ્રીસુક્તમાં ઋષિઓએ પોતાના ઘરે આવ્યા પછી ન જવાવાળી અનપગામિનિમ્ લક્ષ્મી માંગી જ છે.

ધન પ્રભુ પાસે માંગવું અને ધન કમાવા પ્રયત્નો કરવા એ ખોટું નથી. પણ જીવનને ઉન્નત બનાવવાનો વિચાર અને પ્રવૃત્તિ છોડીને શારીરિક સ્વાસ્થ્ય, કૌટુંબિક સ્વાસ્થ્ય અને શાંતિનો વિચાર છોડીને કેવળ પૈસા પાછળ રઘવાયા બનીને દોડવું તે જ ખોટું છે. આમાં માણસને પૈસાનો ઉપભોગ કરવાનો જ રહી જાય છે, તે પોતે જ ભોગવાઈ જાય છે. આપણે ગમે તેટલા વિદ્વાન, ધનવાન, ઉંચા હોદ્દેદાર હોઈશું પણ જ્યાં સુધી મન બુદ્ધિને પુષ્ટ કરવા, જીવનને ઉન્નત બનાવવા માટેના વિચારો કે પ્રવૃત્તિ માટે સમય ફાળવતા હોઈશું નહીં તો ઉપર મુજબ બધું જ હોવા છતાં આપણે કંગાળ જ રહીશું. આ વાત આપણી ભારતીય સંસ્કૃતિ સમજાવે છે.

આજે અમીર કે ગરીબ, નાનકડી દુકાનવાળો કે મોટી ફેક્ટરીવાળો, નોકરીયાત કે વ્યવસાયી બધા જ ''બહુ કામ છે ... સમય નથી ... સીઝન ચાલે છે.'' એમ કહી પલાયનવાદ સેવે છે.

સંત તુલ્ય લોકસેવક રવિશંકર દાદાએ ખૂબ સુંદર કહ્યું છે કે ''આપણે આપણા સમયનો હિસાબ રાખવો જોઈએ. એકે એક મિનિટનો સદુપયોગ થવો જોઈએ. આપણાં બધાં કાર્યોનું મૂલ્યાંકન, તે કાર્યોથી સદ્દગુણોનો વિકાસ કેટલો થાય છે એ ઉપરથી આપણે કરવું જોઈએ.''

જીવનમાં સફળતા પ્રાપ્ત કરનાર માનવીઓના જીવનનું આપણે ધ્યાનપૂર્વક અવલોકન કરીશું તો જણાયા વિના નહીં રહે કે પોતાના કાર્ય દરમ્યાન મળતી ફુરસદની પ્રત્યેક પળનો તેમણે કોઈને કોઈ રચનાત્મક કાર્ય કરવામાં સદુપયોગ કર્યો હોય છે ! સમય નથી મળતો' એવી ફરિયાદ તેમણે ક્યારેય કરી નથી.

બધી જ વ્યક્તિઓને નવરાશની પળો પ્રાપ્ત થતી હોય છે. નિરર્થક ગપ્પાં મારવામાં, આળસમાં કે ઉંઘવામાં એ પળોને વેડફી ન દેતાં તે પળોમાં ઘણું નોંધપાત્ર કામ થઈ શકે છે. ફુરસદના સમયમાં તમે શું કરો છો તેના પરથી તમારી સંસ્કૃતિ નક્કી થાય છે. એમ ભારતીય સંસ્કૃતિ કહે છે. જીવન (સમય) એ કુદરતની અણમોલ ભેટ છે. આ મહામુલી ભેટનો સદુપયોગ કરી જીવનને શણગારવાનું છે. સ્વકર્મ અને સ્વધર્મ બજાવતો કૃતજ્ઞતાના ભાવ રૂપે નવરાશના સમયમાં સમાજ, દેશ, સાચા ધર્મ, સંસ્કૃતિ માટે સત્કાર્ય કરવું જોઈએ. એમાં જ જીવનનું સાફલ્ય રહ્યું છે ને ? માણસ જ્યાં છે ત્યાં, જેવો છે તેવો (જેવી શક્તિ છે તેનો ઉપયોગ કરીને) સમાજ - દેશ - સંસ્કૃતિ, સત્કાર્ય માટે નવરાશના સમયનો સદુપયોગ કરી શકે છે.

વ્યસ્ત જીવનમાંથી સમય કાઢી જ શકાય એ માટે એક સુંદર દ્રષ્ટાંત છે. આપણા મકાનમાં બાથરૂમનો નળ ટપકતો જ હોય છે. ઓફિસે જતી વખતે સવારે ૧૦ કલાકે તે નળ નીચે એક ડોલ રાખી દઈએ અને સાંજે ૬ કલાકે ઓફિસથી આવીએ તો આખી ડોલ ભરાઈ જાય. જે પાણી ટપકીને ગટરમાં જ જવાનું હતું તે પાણી ડોલ રાખી દેવાથી ડોલમાં ભરાતાં તે પાણીનો ઉપયોગ કરી શકાય છે. આવી જ રીતે માણસ ધારે તો સવારથી સાંજ સુધીમાં પણી બધી ક્રિયાઓમાંથી નિરર્થક વહી જતી મિનિટો બચાવી શકે જેનો ઉપયોગ-સદુપયોગ કરતાં જીવન સાફલ્ય પામી શકાય છે. સમયનો સદુપયોગ કરવા આપણે કંજૂસ કે બેપરવા બનવું જોઈએ નહીં. સમયને વેડફવો એ બળ, ચૈતન્ય અને ચારિત્ર્યને ખોવા બરાબર છે.



Scanned with CamScanner

# પાઠ્યપુસ્તક - મહત્ત્વ

ડૉ. ડાહ્યાભાઈ પી. પટેલ

લેખનકળાની શોધ થઈ ત્યારથી પુસ્તકોનો ઉદ્‌ભવ થયો છે. પરંતુ પુસ્તકોનો વિશાળ ઉપયોગ તો મુદ્રણકળાની શોધ પછી જ થયો એમ કહીએ તો ખોટું નથી. પુસ્તકો માનવના જ્ઞાન અને અનુભવોનો સંગ્રહ કરવામાં અને સાચવી રાખવામાં મહત્ત્વનું સાધન રહ્યું છે. હાલમાં શિક્ષણનો વ્યાપ, જ્ઞાનનો વ્યાપ અને વસતીના વ્યાપનો વિસ્ફોટ થઈ રહ્યો છે. જ્ઞાનનો વ્યાપ એટલો ઝડપથી વિસ્તરે છે કે તેને સ્મૃતિમાં રાખી શકાય નહીં. આ માટે પુસ્તકની જરૂરિયાત વધતી ગઈ છે.

વિદ્યાર્થીને શિક્ષણ આપવાની દ્રષ્ટિએ પુસ્તક ખૂબ જ મહત્ત્વનું સાધન છે. શિક્ષણની પ્રક્રિયાને સાકાર અને સુદ્રઢ બનાવવામાં તેનો ફાળો સવિશેષ છે. કોઈ એક કક્ષાને ધ્યાનમાં રાખી, કોઈ એક વિષયના શિક્ષણને અનુરૂપ વિષયસામગ્રી પસંદ કરી તૈયાર કરેલું પુસ્તક તે કક્ષા માટેનું પાઠ્યપુસ્તક કહેવાય છે.

પાઠ્યપુસ્તકનું મહત્ત્વ શિક્ષણપંચના અહેવાલમાં જણાવાયું છે કે 'A modern educational system without text-books is as difficult to image as Hamlet without the prince.'[1] પાઠ્યપુસ્તકના ઉપયોગ અંગે Thurber and collette ના શબ્દો આ પ્રમાણે છે. 'The textbook is most widely used at all teaching instruments not excepting the teachers own oral presentation indeed, the textbook is almost synonymous with schooling'[2] એક વિચારક પાઠ્યપુસ્તકનું મહત્ત્વ દર્શાવતા જણાવે છે કે મને કોઈપણ દેશના પાઠ્યપુસ્તકો મને રચવા દો, ભલે પછી દેશના રાજપુરૂષો ગમે તે ગાંડપણ આદરે પ્રજા ઘડતરનું કાર્ય હું સંભાળી લઈશ.[3] જ્યારે બીજા વિચારકે કહ્યું છે કે મને કોઈપણ દેશનાં પાઠ્યપુસ્તકો બતાવો તો હું તે દેશની ભાવિ પ્રજા કેવી હશે તેની આગાહી કરી શકીશ.[4] આમ પાઠ્યપુસ્તક દેશના ઘડતરમાં અતિ મહત્ત્વનું છે. પાઠ્યપુસ્તકનું શૈક્ષણિક સાધનલક્ષી મહત્ત્વ વિનોદભાઈ પટેલના શબ્દોમાં જોઈએ તો ''પાઠ્યપુસ્તક શાળા શિક્ષણનું સર્વોપયોગી સાધન છે. ભારતમાં વિષયના સંપૂર્ણ શિક્ષણ તથા જ્ઞાનલબ્ધિની કસોટી માટે પાઠ્યપુસ્તક પ્રમાણભૂત ગ્રંથ ગણાય છે. આજની પરીક્ષાકેન્દ્રી શિક્ષણ વ્યવસ્થામાં માત્ર સિદ્ધિ જ નહિ પરંતુ ઉચ્ચ સિદ્ધિની પ્રાપ્તિ માટેનું સાધન બની જાય છે. અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં પાઠ્યપુસ્તક મૂલ્યવાન સાધન બની ગયું છે.'[5]

પાઠ્યપુસ્તકના મહત્ત્વ વિશે વિચારીએ તો :-

પાઠ્યપુસ્તક વડે પાઠ્યક્રમને યોગ્ય ન્યાય આપી શકે છે. પાઠ્યક્રમમાં કયા મુદ્દા ઉપર કેટલો ભાર આપવો તે નિશ્ચિત સ્વરૂપે તજજ્ઞ દ્વારા પાઠ્યપુસ્તકમાં સૂચવાય છે જેથી અભ્યાસક્રમની સીમાઓ અને મર્યાદા નક્કી કરી, શૈક્ષણિક મુદ્દાઓને કેટલો ભાર આપવો તે નક્કી કરી શકે છે.

પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને સ્વઅધ્યયનની પ્રેરણા પૂરી પાડનાર એક અતિ ઉપયોગી ઉપકરણ છે. વિદ્યાર્થી કક્ષા પ્રમાણે, શક્તિ પ્રમાણે, સ્વગતિએ સ્વઅધ્યયન કરી શકે છે.

પાઠ્યપુસ્તક શિક્ષકની હસ્તપોથી છે જેથી શિક્ષક પાઠ્યક્રમને અનુલક્ષી સુસંગત એકમો શોધી શકે છે.

શિક્ષકની ગેરહાજરીમાં એક ઉત્તમ શિક્ષકનું કાર્ય કરી શકે છે.

પાઠ્યક્રમના વિષયવસ્તુનું યોગ્ય પ્રમાણમાં, ક્રમમાં વિભાજન થયેલ હોવાથી શિક્ષણકાર્ય સરળ, ક્રમિક, કક્ષાને અનુરૂપ બનાવી શકે છે.

પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુની રજૂઆત, શિક્ષણપદ્ધતિ, અનુરૂપ ઉદાહરણો હાલની પરિસ્થિતિને અનુરૂપ દર્શાવાતા હોવાથી તે અભ્યાસ માટે પ્રેરણાદાયી નીવડે છે.

નવા આગંતુક શિક્ષકના શિક્ષણકૌશલ્ય સુધારણા કરી શકે છે. વિષયશિક્ષણ અંગે સારી રીતે પૂર્વ તૈયાર કરી શ્રેષ્ઠ શિક્ષણકાર્ય કરી શકે છે.

પાઠ્યપુસ્તક શિક્ષક-વિદ્યાર્થી-વાલી અને પરીક્ષકમાં એકવાક્યતા લાવી શકે છે.

વિદ્યાર્થી પાઠ્યપુસ્તક અગાઉથી વાંચી, વિચારી અભ્યાસમાં સરળતા લાવી શકે છે. સ્વાધ્યાય વિચારપૂર્વક ઉત્તમ રીતે કરતા ગૃહકાર્યમાં સરળતા અનુભવે છે. પુનરાવર્તન શક્ય અને સરળ બનાવી શકે છે.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં લેતા કહી શકાય કે સમગ્ર શિક્ષણનો પાયો એ જ પાઠ્યપુસ્તક છે. જે તે રાજ્ય કે દેશની પ્રજાદર્શક પારાશીશી છે, સંસ્કૃતિનું સૂચક છે. નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ, સ્વાધ્યાય પદ્ધતિ જેવી પદ્ધતિએ શિક્ષણ આપવા પાઠ્યપુસ્તક ખૂબ જ ઉપયોગી છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિને અનુલક્ષી વિદ્યાર્થીને શીખતો કરવા, નવીન માહિતી આપવા, જ્ઞાનનું દ્રઢીકરણ, વિસ્તરણ કરવા માટેના ઉપયોગી સાધનો પૈકીનું ઉત્તમ સાધન પાઠ્યપુસ્તક છે. ઉત્તમ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓમાં વાંચન તરફ રૂચિ જગાડી, વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરી તેનું માર્ગાન્તરીકરણ કરી શકે છે. જે તે વિષયની હેતુસિદ્ધિ માટે ઉપકારક છે. પાઠ્યપુસ્તક શિક્ષણ સાથે જાગૃતિ લાવનાર ઉત્તમ સાધન છે.

---

૧. Govt. of India : Report of Secondary Education Commision. Ministory of Education. New Delhi, 1953. P. 103.

૨. Thurber and collecte : Teaching of science in todays secondary schools : New Delhi. Prectice Hall of India Ltd. 1964, P. 12

૩. ધનવંત એમ. દેસાઈ અને અન્ય : શૈક્ષણિક આયોજન પ્રવિધિ અને મૂલ્યાંકનની નવી ધરી. એ. આર. શેઠની કં. અમદાવાદ. ૧૯૭૩, પૃષ્ઠ ૧૨૫.

૪. એજન પૃષ્ઠ ૧૨૬.

૫. વિનોદભાઈ જી. પટેલ વિજ્ઞાન શિક્ષણનો નૂતન અભિગમ, સાહિત્ય સંકુલ ચૌટાબજાર, સુરત-૩, પ્રથમ આવૃત્તિ, જુલાઈ ૧૯૯૩, પૃષ્ઠ ૧૯૧.



Scanned with CamScanner

# શિક્ષણની વિશ્વસનીયતા

આજે સમાજમાં જોવા મળતા અનિષ્ટોના મૂળ ક્યાં છે ? ખરેખર તો આ અનિષ્ટોના મૂળ શિક્ષણમાં જ છે. વિશ્વાસ એ જીવન મંત્ર છે. વિશ્વાસપાત્ર થયેલ વ્યક્તિઓએ કોઈને કોઈ ક્ષેત્રે શ્રેષ્ઠ વ્યક્તિત્વ વિકસાવ્યુ છે. આ વિશ્વાસપાત્રતા કેળવવા માટે અમુક લક્ષણો અચૂક પણે કેળવવા પડે. વિશ્વાસમાંથી આદર, સહકારની ભાવના ઊભી થાય છે. સહકારના મૂલ્યોના પાયાનાં કાર્યોમાં વિશ્વાસ એ કેન્દ્રબિંદુ બન્યું છે. પ્રેમ, પ્રામાણિકતા, સદ્‌ભાવના જેવા સગુણો વિશ્વાસના આધારભૂત મૂલ્યો છે.

શેરબજારમાં નથી કોઈ લખાણ, નથી કોઈ વાત માત્ર હાથના ઈશારાઓ પર જે વાત થાય છે તે વિશ્વાસ છે. શેરબજાર માત્ર બે શબ્દો પર જ ચાલે છે. જેમાં વિશ્વાસનું વાતાવરણ હોય છે. આ રીતે શિક્ષણ ક્ષેત્રે ગુરુ અને શિષ્ય વચ્ચે પરસ્પર વિશ્વાસનું વાતાવરણ જરૂરી છે. જેમ નવોઢા પોતાના પિતાનું ઘર આંગણુ છોડતા તેના મનમાં પોતાના પતિ માટેનો વિશ્વાસ ધરાવે છે. તેમ વિદ્યાર્થીને શાળા પ્રત્યે વિશ્વાસની લાગણી હોવી જોઈએ જે આજે પૂરતા પ્રમાણમાં જોવા મળતી નથી.

ધ્યેય સિદ્ધિનું પ્રથમ ચરણ વિશ્વાસ છે. વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રના ધ્યેય સિદ્ધ કરવાનું પ્રથમ ચરણ વિશ્વાસ જ છે. જ્યાં વિશ્વાસ ઊભો થાય ત્યાં તે વ્યક્તિ સમાજ કે રાષ્ટ્ર ને કોઈ નમાવી શકતુ નથી. વિશ્વાસ એક મંત્ર છે. વચનનું મૂલ્ય પણ વિશ્વાસમાં જ છે. શિક્ષક જો વર્ગખંડમાં આત્મવિશ્વાસ ધરાવતો ન હોય તો તેનો પ્રભાવ વિદ્યાર્થીએ પર જોવા મળતો નથી, અને નિસ્તેજ દેખાય છે.

બી.બી.સી. લંડનના સમાચાર પ્રત્યે સમાજમાં લોકોને ભારે વિશ્વાસ છે. અને લોકોનો તેમનામાં રહેલો વિશ્વાસ એ જ તેમની સૌથી મોટી મૂડી છે. ચૂંટણી પ્રત્યે આગાહી કરતુ વિજ્ઞાન એટલું વિકાસ પામ્યુ છે કે ઉમેદવારની હારજીત વિશે આગાહીઓ થઈ શકે છે. આ જ્ઞાનનો લાભ લઈ બી.બી.સી. એ જહોન મેજરના પક્ષની હારવાની આગાહી કરી હતી જે ખોટી પડી. આથી વૈજ્ઞાનિક ધોરણે આ માહિતી વિશ્વાસપાત્ર ન ઠરે ત્યાં સુધી બી.બી.સી. સમાચાર કેન્દ્રોએ આ માહિતીઓનો ઉપયોગ ન કરવો એવો ઠરાવ કરવામાં આવ્યો અને વૈજ્ઞાનિક તથ્યમાં થોડી પણ ખામી જણાતા તે પ્રકારની માહિતી સ્વીકારવાની ના પાડી કારણ કે લોકોનો બી.બી.સી. પ્રસારણ પ્રત્યેનો જે વિશ્વાસ છે, તે જાળવી રાખવાની સતત તકેદારી રાખવામાં આવતી હોય છે.

આચાર્ય, શિક્ષક, વાલી, સંચાલક, સમાજ અને રાજ્ય એ શિક્ષણના વાહકો છે. તેમાં વિદ્યાર્થી કેન્દ્ર સ્થાને હોય છે. આ વાહકો વિદ્યાર્થીને આગળ લઈ જવા અને ભાવિ માટે તૈયાર કરવા સતત પ્રયત્નશીલ રહેવુ જોઈએ.

શિક્ષણ એ બે પૈડાનો રથ છે. શિક્ષક અને વિદ્યાર્થી તેના બે પૈડા છે. જો બન્નેમાંથી એક પૈડુ ખોટકાયુ તો શિક્ષણ ત્યાં જ સ્થગિત થઈ જાય છે. આજના વિદ્યાર્થીઓ વર્ગખંડમાં આવતા નથી. વર્ગખંડમાં આવતા થાય તે માટે આકર્ષણ ઊભુ કરવું જોઈએ. આજના વિદ્યાર્થીઓને વર્ગખંડ કરતા બહાર ચાલતા ક્લાસીસોમાં વધારે વિશ્વાસ છે. આજની શિક્ષણ સંસ્થાઓમાં વાલીઓ અને સમાજને કેટલો વિશ્વાસ રહ્યો છે ? એ સંશોધનનો વિષય છે. શિક્ષણ સંસ્થાઓમાં વિશ્વાસ નહિ રહેતા વાલીઓ પોતાના બાળકને શાળામાં જ ન મોકલે પણ બીજો કોઈ વિકાસ ન હોવાને કારણે જ લાચારીથી આપણી શિક્ષણ સંસ્થાઓ ટકી રહી છે !

બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ સંસ્થાઓ છે. જો આ શિક્ષણ સંસ્થાઓ પ્રત્યેનો વિશ્વાસ તૂટી જાય તો સમગ્ર પેઢી તૂટી જાય. ત્યારે શિક્ષણ લકવાગ્રસ્ત છે એમ કહેવું પડે. અને જ્યારે શિક્ષણ સંસ્થાઓ લકવાગ્રસ્ત થાય ત્યારે રાષ્ટ્રને



Scanned with CamScanner

પ્રાણ કરવું અને પક્ષપાત રહીત બનાવવું જોઈએ. ન્યાયની માફક શિક્ષણને પણ પક્ષપાત રહીત બનાવવું
હાર્ટએટેક આવ્યો કહેવાય. શિક્ષણને પક્ષાતીત બનાવવું જોઈએ. જે ગામેગામ થવી જોઈએ. નહિ કે મદ્રાસ, બેંગલોર જેવા
રહ્યું તો જ રાષ્ટ્રની શાન જાળવી શકાશે.
શિક્ષણક્ષેત્રે પણી મોટી બાયપાસ સર્જરી થવી જોઈએ. જે ગામેગામ થવી જોઈએ. નહિ કે મદ્રાસ, બેંગલોર જેવા
શિક્ષણક્ષેત્રે પણી મોટી બાયપાસ સર્જરી શિક્ષણક્ષેત્રે કરી દેશમાં ગ્રામ્ય વિદ્યાપીઠો સ્થાપી હતી. તેમાં જે ભણે
વિસ્તારમાં જ થાય. ગાંધીજીએ મોટી બાયપાસ સર્જરી શિક્ષણક્ષેત્રે કરી દેશમાં ગ્રામ્ય વિદ્યાપીઠો સ્થાપી હતી.
તે અંગ્રેજી શિક્ષણ દ્વારા ભણવાનું ખરુ પણ માધ્યમ તો ગુજરાતીને રાખ્યુ.
પરીક્ષા દરમ્યાન સુપરવીઝન શા માટે કરવામાં આવે છે ? ચોકીદાર રાખવાની જરૂરિયાત કેમ ઊભી થાય છે ?
આ અંગે આપણે વિચારવું જોઈએ. શ્વાસનું જેવું સ્થાન શરીરમાં છે તેવું સ્થાન શિક્ષણમાં વિશ્વાસનું છે. આજના
શિક્ષણની ડીગ્રીઓ બજારૂ બની ગઈ છે, અને તેમાં વિશ્વાસનું તત્ત્વ રહ્યું નથી.
ભારતની ચિંતન તરાહમાં માણસ એ સાધ્ય છે. જેમાં સારો નાગરિક બનાવવાનું, સિદ્ધ કરવાનું છે ! આજે તો માણસ
અને શિક્ષણ બંને 'બજારુ જણસ' બની ગયા છે. જેવું શિક્ષણ તેવો સમાજ અને તેવું પરિવર્તન.
પંજાબમાં આતંકવાદ, પૂર્વ પશ્ચિમમાં નાગાલેન્ડમાં આતંકવાદ થવાનું કારણ સારા શિક્ષણનો અભાવ છે. આજે દેશ
જે કંઈ અનુભવી રહ્યો છે તે શિક્ષણમાં ફેલાયેલી બદીઓને કારણે. આશ્રમ શાળામાં ભણતા વિદ્યાર્થીમાં તપ, સાધના જોવા
મળતી હતી. ગુરુ શિષ્યનો સંબંધ અમર હતો. આઝાદી પછી શિક્ષણ કાર્યમાં લૂણો લાગ્યો છે.
આપણે સારા માણસના નિર્માણ માટે ગુણિયલ શિક્ષણ જરૂરી છે અને તો જ ઉત્તમ સમાજ અને ઉત્તમ રાષ્ટ્રનું નિર્માણ
કરી શકાય. આવતી કાલના વિદ્યાર્થીનું ભાવિ જોખમમાં છે તે અને તેમને અનેક પડકારો માટે કૌશલ્યલક્ષી શિક્ષણ આપવાનું
છે. Skill Full શિક્ષણ મળે તે માટે સારો શિક્ષક જરૂરી છે. ચીનની કહેવત મુજબ દાણો વાવવો હોય તો એક વર્ષનું આયોજન
કરો અને માણસને ઉછેરવો હોય તો ૧૦૦ વર્ષનું આયોજન કરો. એ માટે માણસને ઉછેરવાની આ મંગલ પ્રવૃત્તિને આગળ
લઈ જવા અને શિક્ષણની ગુણવત્તા સુધારવા શિક્ષણમાં વિશ્વસનીયતા લાવવી જરૂરી છે.



Scanned with CamScanner

# કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા

શૈક્ષણિક વર્ષ ૧૯૯૩-૯૪ દરમ્યાન કૉલેજમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેની રૂપરેખા નીચે મુજબ છે.

સેવા વિસ્તરણ :

★ ભરૂચ જિલ્લા જાહેર પરીક્ષા શુદ્ધિ અભિયાન યોજિત તાલુકા કક્ષાએ શિક્ષકોને વિવિધ વિષયોની તાલીમ આપવાના કાર્યક્રમમાં સંસ્થાના અધ્યાપકો તરફથી નીચે દર્શાવ્યા પ્રમાણે તજજ્ઞો તરીકેની સેવા આપવામાં આવી હતી.

- ડૉ. ડી. પી. પટેલ શ્રી નવદુર્ગા હાઈસ્કૂલ રાજપીપળા તથા દિવાનધનજીશા હાઈસ્કૂલ, ઝઘડિયામાં વિજ્ઞાન વિષયમાં તજજ્ઞ સેવા આપી હતી.
- ડૉ. જે. એ. નાયક-શારદા મંદિર હાઈસ્કૂલ, ડહેલીમાં ગણિત વિષયમાં તજજ્ઞ સેવા આપી હતી.
- પ્રા. જે. એ. શાહ શ્રીમતી એમ. એમ. ભક્ત હાઈસ્કૂલ, નેત્રંગમાં સમાજવિદ્યા વિષયમાં તજજ્ઞ સેવા આપી હતી.
- શ્રી પી. આર. માસ્ટર અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ, રાજપીપળામાં અંગ્રેજી વિષયમાં તજજ્ઞ સેવા આપી હતી.
- બુદ્ધ દેવ સરસ્વતી વિદ્યાલય ભરૂચમાં યોજાયેલ જ્ઞાનસત્ર અને સન્માન સમારંભમાં પ્રશિક્ષણાર્થી ભાઈબહેનો તરફથી કાર્યક્રમમાં સહયોગ પાઠવી આચાર્યશ્રીએ ડૉ. આર. એસ. ત્રિવેદી સાહેબનું સન્માન કર્યું હતું.
- હિન્દી પરીક્ષા સંચાલનમાં ડૉ. ગંગાબહેન ઠક્કર ગર્લ્સ હાઈસ્કૂલ, ભરૂચમાં હિન્દી પદ્ધતિના પ્રશિક્ષણાર્થીઓએ ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત હિન્દીની પરીક્ષાઓના સંચાલનમાં સહયોગ આપ્યો હતો.
- ગ્રુપ શાળા ખરોડમાં વિભાગીય ગરબા સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. ડી. પી. પટેલ તથા ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી આયોજિત વિજ્ઞાન વિષયક વક્તૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. જે. એ. શાહે દિવાન ધનજીશા હાઈસ્કૂલ ઝઘડિયામાં સેવા આપી હતી.
- વી. પી. ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલ છિદ્રામાં આયોજિત ભરૂચ જિલ્લા વિજ્ઞાન મેળાના નિર્ણાયક તરીકે ડૉ. ડી. પી. પટેલે સેવા આપી હતી.
- ગ્રુપ શાળા ખરોડમાં બાળ રમતોત્સવ પ્રસંગે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ નિર્ણાયક તરીકેની કામગીરી કરી હતી.
- ભરૂચ જિલ્લા વિજ્ઞાન મંડળ યોજિત શ્રેણી-૧૦ના ગણિત અને વિજ્ઞાનના વર્કશોપ સેમિનારમાં ગઢ વિદ્યાલય અંકલેશ્વરમાં ડૉ. ડી. પી. પટેલ તરફથી તજજ્ઞ સેવા આપવામાં આવી હતી.
- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ યોજિત ધોરણ-૧૦ના વિજ્ઞાનના તાલીમી કાર્યક્રમમાં વાંકળ વિદ્યાલય, બાજવા (પાદરા, વડોદરા, કરજણ, સાવલી) ડી. બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડા (છોટા ઉદેપુર, સંખેડા, પાવી નસવાડી), એમ. એચ. દયારામ શારદા મંદિર, ડભોઈ (ડભોઈ, શિનોર, વાઘોડીયા, તીલકવાડા) સ્થળે ડૉ. ડી. પી. પટેલે વિજ્ઞાન વિષયના તજજ્ઞ તરીકે સેવા આપી હતી.
- સાક્ષરતા અભિયાનના સંદર્ભમાં ગામની પ્રાથમિક શાળા સાથે રહી કૉલેજના તાલીમાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.
- શ્રી ડી. એ. આનંદપુરા (ભૂતપૂર્વ પ્રમુખ : અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન) દ્વારા ભાષાશુદ્ધિ અને પરીક્ષાશુદ્ધિવિષયક ગ્રામ્ય શિબિરનું આયોજન કૉલેજમાં રાખવામાં આવ્યું હતું.
- અબ્દુલ રહીમ હાજી ઈબ્રાહીમ ઘંટીવાલા તથા યાકુબ ગંગાત વિદેશ પ્રવાસે જતા શુભેચ્છા સમર્પિત કરવામાં આવી હતી.
- ઈસ્માઈલ (સતાર) ખરોડીયા અને હાજી સુલેમાન જોગીયાત યુ. કે. ના પ્રવાસે જતા તેઓને સંસ્થા તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.
- જૈન ઉપાશ્રય, શ્રીમાળી પટેલ ભરૂચમાં યોજાયેલ શૈક્ષણિક સેમિનારમાં "વિદ્યાર્થીઓની મનોભૂમિમાં શિક્ષકનું ચિરંજીવ સ્થાન" અંગે પ્રશ્નાવલિ રચી માહિતી એકત્રીકરણ કરવામાં સંસ્થા સહયોગી બની હતી.
- એમ. ઈ. ટી. હાઈસ્કૂલ ભરૂચના વિદ્યાર્થીઓ જ્ઞમ ઉત્સવની ઉજવણી માટે કાલીકટ (કેરાલા) ગયા ત્યારે સંસ્થા વતી આચાર્યશ્રી એ શુભયાત્રા પ્રદર્શિત કરી અંકલેશ્વર સ્ટેશનેથી વિદાય આપી હતી.
- નવા નિમાયેલ આચાર્ય ડૉ. ડી. પી. પટેલનું સન્માન તથા સંસ્થાના વડા તરીકે સેવા આપી ચૂકેલ ડૉ. જયેશભાઈ નાયકની કામગીરીને બિરદાવવામાં આવી હતી.
- વી. ટી. ચોકસી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરત દ્વારા ડૉ. ધીરૂભાઈ વી. દેસાઈના હસ્તે ડૉ. જયેશભાઈ નાયકનું સન્માન થયું હતું. તે જ દિવસે 'શૈક્ષણિક સાધનોના મહત્ત્વ' વિશે ડૉ. નાયકે વક્તવ્ય આપ્યું હતું.

Scanned with CamScanner

- સંસ્થામાંથી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરનાર ડૉ. જયેશભાઈ એ. નાયકનું ગુરુવર્ય ડૉ. સી. ઝેડ. શાહના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતુ.
- સંસ્થાના આચાર્ય દ. ગુ. યુનિ. આચાર્ય સંઘની કારોબારી સભાના સભ્યપદે નિયુક્ત થતા કૉલેજ પરિવાર તરફથી આનંદની લાગણી પ્રદર્શિત કરવામાં આવી હતી.
- ખરોડ પ્રાથમિક શાળામાં સાક્ષરતા અભિયાન જાગૃતિ કાર્યક્રમ અંગે ગુજરાત વિદ્યાપીઠ તરફથી આવેલ નિરીક્ષક જૂથનું સન્માન કરી સાક્ષરતા અભિયાનમાં આપેલ સહયોગની રજૂઆત કરી હતી.
- સમગ્ર શિક્ષણ જગતમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. આજ શુભ દિવસથી કૉલેજ ઓફ એજ્યુકેશન ખરોડની સ્થાપના થઈ હતી. જે બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ પામી આ ૫ મી સપ્ટેમ્બર ૧૯૯૩ના દિવસે કૉલેજના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. અને વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પગુચ્છ વડે સૌ પ્રાધ્યાપકો પ્રત્યે આદરની લાગણી સાથે સન્માન કરવામાં આવ્યું હતું.
- ડૉ. જયેશભાઈ નાયકે શિક્ષકદિન નિમિત્તે સુરતની એન.એમ. ઝવેરી યુનિયન હાઈસ્કૂલમાં પ્રવચન આપ્યું હતું.
- પ્રાથમિક શાળા ખરોડના સમગ્ર વિદ્યાર્થીઓના આરોગ્ય વિષયક સર્વેક્ષણ કાર્યનો અભ્યાસ કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના જૂથ પાડી કરવામાં આવ્યો હતો.
- પ્રશિક્ષણાર્થીઓની દ્રષ્ટિએ આદર્શ અધ્યાપન અંગેના લક્ષણોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતુ.

**શૈક્ષણિક પ્રવૃત્તિ :**

- પ્રશિક્ષણાર્થીઓએ તૈયાર કરેલા ઉપકરણો વિષયક શૈક્ષણિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેનાથી શિક્ષક રચીત ઉપકરણોના મહત્ત્વ અને રચના અંગે સ્પષ્ટ માહિતી પ્રાપ્ત કરી શકાય.
- અભ્યાસક્રમના ભાગ રૂપે વર્ગખંડ અધ્યાપન માટેની પદ્ધતિઓના શિક્ષણ માટે જૂથ પદ્ધતિનું આયોજન કરી જૂથ ચર્ચા દ્વારા નિરીક્ષિત અભ્યાસ, નાટ્યીકરણ, ટીમટીચીંગ, પ્રોજેક્ટ, સ્વાધ્યાય પદ્ધતિ તેમજ કાર્યશિબિર જેવી શિક્ષણ પદ્ધતિઓનો પરિચય ડૉ. ડી. પી. પટેલના માર્ગદર્શન હેઠળ આપવામાં આવ્યો હતો.
- તાલીમાર્થીઓના અભ્યાસક્રમનાં ભાગ રૂપે ટીમટીચીંગનો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ડૉ. જયેશભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ સિસ્ટમ અભિગમ અને પ્રશ્નકળા વિશે સમજ આપી હતી.
- સમગ્ર અંકલેશ્વર તાલુકાની પ્રાથમિક શાળાઓ ધો. ૫ થી ૭ ના વિદ્યાર્થીઓને આવરી લઈ એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામો રાખવામાં આવ્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓ
(૧) શ્રી વિશાલભાઈ પરમાર
(૨) શ્રી મહમદ આરીફ અહમદ ઉન્યા
(૩) શ્રી યોગેશકુમાર ગોપાળભાઈ પટેલ

**કાર્યશિબિર :**

- શિક્ષક માટે અતિ મહત્ત્વના અધ્યાપન કૌશલ્યની તાલીમ માટે સૂક્ષ્મ અધ્યાપન કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શેઠ મો. ના. કોન્ટ્રાક્ટર કૉલેજ ઓફ એજ્યુકેશન ડભોઈના આચાર્ય ડૉ. એ. એ. મહેતાએ ''સૂક્ષ્મ અધ્યાપન મહત્ત્વ, કૌશલ્યલક્ષી અભિગમ'' અંગે તાદૃશ ચિતાર આપ્યો હતો.
  પ્રા. જી. વી. મહેતાએ પ્રશ્ન ઊંડાણ કૌશલ્ય અને પ્રા. આર. આઈ. પારેખે વિષયાભિમુખ કૌશલ્ય અંગેના ઘટકો, આયોજન, નિરીક્ષણ અને નિદર્શન અંગે સવિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

**સતત શિક્ષણ કાર્યક્રમ :**

- તાલીમાર્થીઓની તાલીમના એક ભાગ રૂપે તાલીમાર્થીઓએ તા. ૧૧-૧૦-૯૩ થી તા. ૨૨-૧૦-૯૩ દરમ્યાન નીચેની શૈક્ષણિક સંસ્થાઓમાં અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ પાઠ આપ્યા હતા.
  ૧. શ્રીમતી એમ. ટી. એમ. ગર્લ્સ હાઈસ્કૂલ, અંકલેશ્વર.
  ૨. જ્ઞાનદીપ અનુપકુંવરબા હાઈસ્કૂલ, અંદાડા.
  ૩. નવજીવન વિદ્યાલય, ભરૂચ.
  ૪. ધી અંજુમન સાર્વજનિક હાઈસ્કૂલ, ખરોડ.
  ૫. ગાયત્રી વિદ્યાલય, માંડવા.
- મથકેતર શિક્ષણ કાર્યક્રમ (ઓફ કેમ્પસ)
  તાલીમાર્થીઓને શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પ્રવૃત્તિનો વાસ્તવિક અનુભવ આપવા માટે જુદી જુદી શાળાઓમાં એક અઠવાડિયા માટે જવાનું હોય છે. આ વર્ષ દરમ્યાન કૉલેજના ચાર જૂથો નીચે મુજબના મથકોએ તા. ૧૨-૧૨-'૯૩થી તા. ૧૮-૧૨-૯૩ દરમ્યાન ગયા હતા.

Scanned with CamScanner

૧. મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડ જિ. સુરત.
૨. ડી. આર. જી. ડી. એન્ડ એમ. જે. વિવિધલક્ષી સાર્વજનિક હાઈસ્કૂલ, પરીઆ જિ. વલસાડ.
૩. સરકારી માધ્યમિક શાળા, કેવાડિયા કોલોની, જિ. ભરૂચ.
૪. ધી અંબિકા હાઈસ્કૂલ, ગડત, જિ. વલસાડ.

મધ્યેતર શિબિર દરમ્યાન તાલીમાર્થી ભાઈબહેનોએ શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે શાળામાં વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન શાળાના પરિવારના સહકારથી કર્યું હતું.

- ડૉ. જે. એ. નાયકે કૉમર્સ કૉલેજ, ઓલપાડમાં ''બી. એડ. પ્રવેશ અને ઉપયોગીતા'' વિષયક પ્રવચન આપ્યું હતું.
- પ્રા. પી. જે. રાજે સાધના વિદ્યાલય, ભરૂચમાં ''વિદ્યાર્થી અને બંધન'' વિષય પર પ્રવચન આપ્યુ હતું.
- વર્ષાન્તે કૉલેજમાં વિદાય સમારંભ વેળા પ્રશિક્ષણાર્થીઓએ વર્ષ દરમ્યાનના પોતાના અનુભવો રજૂ કર્યા, જ્યારે અધ્યાપકોએ પ્રવચન અને શુભેચ્છા પાઠવી અને આચાર્યશ્રીએ પ્રવચન અને આશીર્વચન પાઠવ્યા હતા.
- પ્રા. નગીનભાઈ વી. પટેલ (ભૂતપૂર્વ વિદ્યાર્થી) ''તાલીમ દરમ્યાન અભ્યાસક્રમ કરવાની યુક્તિ-પ્રયુક્તિઓ'' વિષય અંગે વાતચીત ગોઠવવામાં આવી હતી.
- ખેરગામ હાઈસ્કૂલના આચાર્ય શ્રી બી. કે. દેસાઈએ તાલીમના મહત્ત્વ પર પ્રશિક્ષાર્થીઓ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતા.
- આંતર કૉલેજ વ્યાખ્યાનમાળા પ્રસંગે શ્રી રંગ શિક્ષણ મહા વિદ્યાલયના આચાર્ય ડૉ. દિનુભાઈ નાયકે ''શિક્ષણની વિશ્વસનીયતા'' વિષય પર ઉદાહરણ પ્રચુર આગવી શૈલીમાં સચોટ વક્તવ્ય રજૂ કર્યું હતું.
- ભાષા શુદ્ધિ અને પરીક્ષા શુદ્ધિ અભિયાન અન્વયે રાખવામાં આવેલ ગ્રામ્ય શિબિરમાં શ્રીમતી ઉષાબહેન દ્વારા ભાષા શુદ્ધિ અંગે સંસ્કાર વિદ્યાલય અંકલેશ્વરમાં થયેલ પ્રયોગો દર્શાવવામાં આવ્યા હતા. જ્યારે આનંદપુરા સાહેબ તથા નાવડિયા સાહેબે પરીક્ષા શુદ્ધિ અભિયાન અંગેના કાર્યક્રમની રૂપરેખા અને આયોજન દર્શાવ્યા હતા.
- કૉલેજના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા તા. ૫-૨-'૯૪ના રોજ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં તપોવન સંસ્કારધામ, મધુબન ડેમ, સેલવાસ, તિથલ, દાદારા નગર હવલીનો રમણીય ઉદ્યાન વગેરે સ્થળોની મુલાકાત લઈ પ્રકૃતિના મનોરમ્ય દ્રશ્યોની મોજ માણી હતી.
- પ્રા. પી. જે. રાજ એ. જી. ટીચર્સ કૉલેજ અમદાવાદ "S. U. P. W." ના તજજ્ઞોની તાલીમ માટે બે દિવસ માટે અમદાવાદ ગયા હતા.
- કૉલેજ પ્રાધ્યાપકશ્રી પ્રવિણચંદ્ર માસ્ટર ચાર અઠવાડિયા માટે યુ. જી. સી. દ્વારા આયોજિત ઓરીએન્ટેશન પ્રોગ્રામમાં તાલીમ માટે એકેડેમીક સ્ટાફ કૉલેજ, જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી જોધપુર ગયા હતા. તેમજ યુ. જી. સી. દ્વારા આયોજિત "Communicative English Language Teaching for Teachers Educators" વિષય પરના રાષ્ટ્રીય સેમિનારમાં ''એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈગ્લીશ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ'' વલ્લભ વિદ્યાનગર ગયા હતા. ત્યાં તેમણે "Video in Language Teaching and Learning" વિષય પર પેપર રજૂ કર્યું હતુ.

પ્રશિક્ષણાર્થીઓની પ્રવૃત્તિ :

- વર્ષ દરમ્યાન કૉલેજના તાલીમાર્થી ભાઈ-બહેનો દ્વારા પ્રાર્થના પછી કોઈપણ એક વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.
- વર્ષમાં બે વખત સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- કૉલેજના તાલીમાર્થી ભાઈ-બહેનો માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં
  ૧. ચિચલીકર નિકીતા બહેન
  ૨. યાદવ સૂર્યદેવ વિજેતા બન્યા હતા.
- કૉલેજના તાલીમાર્થી ભાઈ-બહેનો માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં
  ૧. રોહિત દમયંતીબહેન
  ૨. પટેલ હાજરા
  ૩. યાદવ આશિફ વિજેતા બન્યા હતા.
- સંગીત ખુરશી સ્પર્ધાનું આયોજન ભાઈઓ માટે કરવામાં આવ્યુ હતુ જેમાં વસાવા રમેશભાઈ વિજેતા બન્યા હતા.
- સંગીત ખુરશી સ્પર્ધાનું આયોજન બહેનો માટે કરવામાં આવ્યુ હતું જેમાં સિપવાવાલા રાજશ્રીબહેન વિજેતા બન્યા હતા.
- તા. ૧૩-૧-૯૪ના રોજ કૉલેજના ત્રીજા વાર્ષિકોત્સવનું આયોજન ખરોડ હાઈસ્કૂલના પટાંગણમાં રાખવામાં આવ્યુ હતુ જેમાં પ્રમુખશ્રીને પ્રમુખ સ્થાને ખરોડ ગામના સરપંચશ્રી મહંમદભાઈ ભૈયાત અને મુખ્ય મહેમાન તરીકે શ્રી કે. કે. સુંદરમ્ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ ઉમંગભેર રજૂ કરવામાં આવી હતી. જેમાં પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થના-ભાવગીત-ગઝલ-ભજન-લગ્નગીતો-સમૂહગીત-ગરબા-રાજસ્થાની-નૃત્ય-બે નાટકો-મિમિક્રી-મૂક અભિનય-રમૂજી સમાચાર-ભાંગડા નૃત્ય-તેમજ પિરામીડ જેવી વૈવિધ્યપૂર્ણ કૃતિઓ દ્વારા ત્રણ કલાક સુધી પ્રેક્ષકોને મનોરંજન પૂરું પાડ્યું હતુ.



Scanned with CamScanner

# વૈદિક ગણિત

નિકીતા એમ. ચિંચલીકર

ચાલો, આજના કૉમ્પ્યુટર યુગમાંથી આપને વૈદિક કાળમાં લઈ જવાનો આજે મારો વિચાર છે. ગણિતમાંની વિવિધ શાખાઓ સંબંધી અનેક સૂત્રો વેદમાં આપ્યાં છે. તે પૈકી કેટલાક સૂત્રોનો જુદા જુદા પ્રકારનાં ગણિતનો ઉકેલ શોધવામાં કેવો ઉપયોગ થાય છે તે આપણે જોઈશું. આપણી પ્રાચીન સંસ્કૃતિના મૂળ ક્યાં સુધી પહોંચ્યા છે તે જોઈએ.

- પ્રથમ સૂત્ર :- निखिलं नवतश्चं दशतः ।

સંધિ છૂટી પાડી તેનો અર્થ જોઈએ તો - **निखिलं** = સર્વ, **नवतः** = નવથી, **परमं** = છેલ્લો (અંતિમ), **दशतः** = દસથી. એટલે કે સર્વ (અંક) નવથી અને છેલ્લો (અંક) દસથી.

ઉદાહરણ :- ૪૬ રૂા. - ૮૪ પૈસા - ૧૦૦ રૂા.
પ્રથમ ત્રણ અંક ૪, ૬, ૮ ને ૯માંથી બાદ કરતાં - ૫, ૩, ૧ મળે.
છેલ્લા અંક ૪ ને ૧૦ માંથી બાદ કરતાં - ૬ મળે.
એટલે કે ૫૩ રૂા. અને ૧૬ પૈસા બાકી રહે.

- દ્વિતીય સૂત્ર :- उर्ध्वतिर्यभ्याम् । - **उर्ध्व** = ઊભો અને **तिर्यक** = ત્રાંસો (**उर्ध्व + तिर्यक + भ्याम्**)

ઉદાહરણ :- ૫૮ × ૨૬

```
     ૫૮
   × ૨૬
(૧૦) (૪૬) (૪૮)
  ૫    ૪
```

રીત : બંને સંખ્યાના પ્રથમ અંકો (૫ × ૨) અને છેલ્લા અંકોનો ગુણાકાર (૮ × ૬) કરો. વચ્ચે બંનેનો ત્રાંસો ગુણાકાર કરી સરવાળો કરો. (૩૦ + ૧૬). જમણી બાજુની સંખ્યાનો ૮ ઉત્તરમાં લખી ૪ ને આગળની સંખ્યામાં ઉમેરતા જાઓ. આમ જવાબ મળે તે સંખ્યાનો જમણો અંક ઉત્તરમાં લખી ડાબો અંક આગળની સંખ્યામાં ઉમેરતા જાઓ.

ઉત્તર :- ૧૫૦૮

- તૃતીય સૂત્ર :- यावदूनं तवदूनीकृत्य वर्गं च योजयेत् ।
  यावद् + ऊनं, तावद् + ऊनीकृत्य वर्गं च योजयेत् ॥

અર્થાત્ એકાદ સંખ્યાનો વર્ગ કરતા તે સંખ્યા પાયા કરતાં જેટલી નાની (મોટી) હશે તેટલી જ તે સંખ્યામાંથી બાદ કરવી (ઉમેરવી) અને સંખ્યા અને પાયો તેમનામાંના તફાવતનો વર્ગ કરવો.

ઉદાહરણ :- ૧૧૪નો વર્ગ કરો.
પાયો - ૧૦૦    ૧૧૪ - ૧૦૦ = ૧૪    ૧૧૪ + ૧૪ = ૧૨૮
૧૪નો વર્ગ = ૧૯૬    $(૧૧૪)^2$ = ૧૨૯૯૬ (૯૬ લખી ૧ ને ૧૨૮માં ઉમેરતાં)

- ચતુર્થ સૂત્ર :- एकाधिकेन पूर्वेण । - एक + अधिकेन पूर्वेण ।

અર્થાત્ - છેલ્લાના આગળના અંકમાં એક ઉમેરવો.

ઉદાહરણ :- ૧૪૫નો વર્ગ કરો.

૧૪ / ૫ (૧૪૫ના બે ભાગ પાડતાં)
૧૪ × (૧૪ + ૧) / ૨૫ (૫ નો વર્ગ)
= ૨૧૦ / ૨૫ = ૨૧૦૨૫

- આ સૂત્રનો ઉપયોગ જે સંખ્યાનો છેલ્લો અંક ૫ છે તેનો વર્ગ કરવા કરી શકાય.

તમે પણ આ સૂત્રો અને તેના અજબ ગજબના ઉપયોગો જોઈને આશ્ચર્યમાં પડી જ ગયા હશો. તમારા મિત્રોને તમે કોઈ પણ સંખ્યા આપવાનું કહો અને તમે તેના સરવાળા, ગુણાકાર, વર્ગ ફટાફટ કરી આપો. તમારી મિત્રમંડળીમાં ચોક્કસ દાદ મેળવશો. પણ ધ્યાન રાખજો આ રીત બીજાને પણ શીખવજો કારણ કે 'જ્ઞાન વહેંચવાથી વધે છે.'



Scanned with CamScanner

# ''એકડો એ જ પૂર્ણડો''

મધોક સ્મિતા એન.

બ્રહ્મગુપ્ત એવા પ્રથમ ગણિતશાસ્ત્રી હતા જેઓએ શૂન્યને જન્મ આપ્યો. ભાસ્કરાચાર્યનો જન્મ સન 1114માં બિદર (વિજાપુર)માં થયો હતો. ભાસ્કરાચાર્ય આપણા દેશના મહાન ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી હતા. તેઓ શૂન્ય (ઝીરો)ને 'પુષ્પમ્' કહેતાં અને આ સૃષ્ટિ શૂન્યમાંથી પ્રગટ થઈ છે. શૂન્યમાં જ વિલીન થવાની છે. સન 1152માં એમણે એક સમીકરણ લખ્યું ''1 – 0 =   '' અર્થાત એકને શૂન્ય વડે ભાગીએ તો અનંત   પ્રાપ્ત થાય. આ સમીકરણને ભાસ્કરાચાર્ય અનંત અચળ અને અપરિવર્તનશીલ બ્રહ્મનું પ્રતીક માનતાં. આવા પરમ અસ્તિત્વને માટે જ વૈદિક ઋષિએ 'હિરણ્યગર્ભ' શબ્દ પ્રયોજ્યો છે.

''1 - 0 =   '' સમીકરણને બ્રહ્મનું પ્રતીક માનવ પાછળ ભાસ્કરાચાર્યનો તર્ક કંઈક આવો હતો.

1 - 0.1 = 10

1 - 0.01 = 100 ..... અનંત.

આમ, જો 1 ને વધુ ને વધુ નાની રકમ વડે ભાગતા જવાબમાં આંકડો વધતો જાય છે. આમ, 1 ને વિભાજીત કરનાર અપૂર્ણાંક જેમ સૂક્ષ્મ બનતો જાય તેમ જવાબ મોટો ને મોટો બનતો જાય છે. એક (1) ને શૂન્ય વડે ભાગતા જવાબ અનંત બની જાય. શૂન્યની આવી અપરિમિતિ શક્તિ સમજનારા ભાસ્કરાચાર્ય શૂન્યથી  ડરતાં હતાં. ઉપરોક્ત બાબત પરથી સિદ્ધ થાય છે કે સૃષ્ટિમાં ગણિત છે. ગોટાળો નથી. ભાસ્કરાચાર્યના સમીકરણ પરથી બ્રહ્મના ત્રણ મહાન લક્ષણોની ભાળ મળે છે.

| લક્ષણો | ગણિતની સંજ્ઞા |
|---|---|
| બ્રહ્મમાં પરમ એકતા છે ..... | (1) |
| બ્રહ્મમાં પરમ શૂન્યતા છે ..... | (0) |
| બ્રહ્મ પરમ અનંત છે ..... | ( ) |

એક બંગાળી કવિ પરમ એકતાનો મહિમા આ રીતે ઉદ્ગારે છે.

''એક અખંડ બ્રહ્માંડમાં રાજ્યે,
પરમ એક સેજ રાજ-રાજેન્દ્ર રાજે.''

પ્રશ્ન થાય ભક્તકવિની આવી શ્રદ્ધા કેવળ આધ્યાત્મિક છે કે પછી એને વિજ્ઞાનનો થોડો ઘણો પણ આધાર છે? અંક ગણિતના એકડા (1)નું સૌંદર્ય હજી આપણને સમજાયું નથી. આપણા ભણતરની સ્થૂળ શરૂઆત એકડો ઘૂંટવાથી થાય છે. તોય આપણા જીવનના અંતે પણ આપણે એકડાને પામવાથી વંચિત રહી જઈએ છીએ. એકતાનો સંબંધ પરમ એકતા સાથે છે.

આપણે તો ''1'' ને ''0'' પછી જ પ્રથમ આંકડા તરીકે સ્વીકારીએ છીએ. વાસ્તવમાં એકડો પૂર્ણતાનો પ્રતિનિધિ છે. 'એક' ને અંગ્રેજીમાં 'One' કહે છે. અને વળી 'unity' પણ કહે છે. આમ, એકડો તો વાસ્તવમાં ''unified whole'' અર્થાત્ પૂર્ણતાનો સંકેત છે. એનો સંબંધ આપણે પ્રથમતા (Firstness) સાથે જોડીએ છીએ. આમ, 2,3,4,5,6,7,8, 9 જેવી સંજ્ઞાઓ સેકન્ડ હેન્ડ છે. ટૂંકમાં એ રીતે ૧ સિવાયના આંકડાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. અસ્તિત્વ પરંતુ 'એક' નું જ છે. અસ્તિત્વના કે બ્રહ્મના ગણિતમાં એકલા એટલે "Oneness" બહુ મોટી ચીજ છે.

આમ, અસ્તિત્વની પૂર્ણતાનો અત્યંત કાવ્યમય સંકેત એકડો છે. શૂન્ય પછીની સૌથી મહાન શોધ તે એકડો. મારું ચાલે તો કહું કે : એકડો એ જ પૂર્ણડો !!



Scanned with CamScanner

# કિરણોત્સર્ગ કેટલી જીવલેણ ??
# કેટલી ફાયદાકારક ??

દમયંતી ડી. રોહિત

રેડિયેશન !

કિરણોત્સર્ગ !!

કિરણોત્સર્ગ શબ્દથી વધુ ભડકાવનારો, ગભરાવી દેનાર ભાગ્યે જ કોઈ શબ્દ આજના જમાનામાં હશે ? રેડિયેશન શબ્દ સાંભળતાં કે વાંચતાં જ પરમાણુ બોમ્બ અને એટમિક પાવર સ્ટેશનનો તુરંત ખ્યાલ આવે છે.

- **કિરણોત્સર્ગનું મૂળ :**

વૈજ્ઞાનિકો કિરણોત્સર્ગનું મૂળ સમજવા હજુ મથી રહ્યા છે, આમ છતા મોટા ભાગના એવુ માને છે કે વિશ્વમાં કિરણોત્સર્ગ યુગોથી છે જ ! પરમાણુમાંથી ઉર્જાનો ઉત્સર્ગ થાય ત્યારે કિરણોત્સર્ગ પેદા કરે છે. શક્તિનું આ રુપાંતર એક્સ-રે કે ગામા-રે તે આલ્ફા-બીટાની માફક કણોમાં વહે છે.

- **કિરણોત્સર્ગની શરીર પર ઘાતક અસરો :**

કાચનાં વાસણોની દુકાનમાં આખલો ઘુસી જાય અને કાળો કેર વર્તે તેવો જ કેર કિરણોત્સર્ગ જીવંત કોષોમાં દાખલ થાય તો વર્તે. વિકૃતિની એવી શૃંખલા પેદા થાય જેમાં શરીરના અણુપરમાણુઓ છિન્ન-ભિન્ન થઈ શરીરતંત્ર વિકૃતિના માર્ગે ભાગતું રહે વધારે પ્રમાણમાં કિરણોત્સર્ગ ઘૂસે તો મોત જ નીપજે. પરંતુ બિનઘાતક દેખાતું અલ્પ પ્રમાણ પણ શરીરમાં ફેલાતુ રહી વર્ષો પછી કેન્સરને જન્મ આપે.

- **વધુ માત્રાની અસરો :**

મગજ અને જ્ઞાનતંત્રને કિરણોત્સર્ગનો હાઈડોઝ લાગે તો ચક્કર, મૂર્છા, તરફડાટ પછી કલાકોમાં કે દિવસોમાં મોત નીપજે આંખનાં લેન્સ અપારદર્શક બને, મોતિયો આવે કે અંધાપો આવે. ઊલ્ટી થાય, અવાળામાંથી લોહી નીકળે, મોમાં ચાંદા નીકળે આંતરિક રક્તસ્ત્રાવ થઈ, શિરાઓ ફાટીને લોહી ચામડી પર ફૂટી નીકળે, શરીરે લાલ ચાઠાં પડી જાય, આંતરડાની દિવાલોને લાગી અઠવાડિયાઓમાં મૃત્યુ નીપજે. ગર્ભસ્થ શિશુના મગજને હાનિ પહોંચે, ગર્ભધારણ શક્તિ ક્ષીણ થવા માંડે, ગર્ભાશયને નુકસાન થાય, જન્મનાર બાળક ખોડખાંપણવાળુ હોય, રક્ત ઉત્પાદન માટે આવશ્યક 'બોનમેરો' નો નાશ થાય, હિમોગ્લોબિન ઘટી જઈ રોગપ્રતિકારક તાકાત ઘટી જાય, રોગો પેદા થાય.

- **કિરણોત્સર્ગ કેટલી માત્રામાં બિનહાનિકારક :**

કિરણોત્સર્ગ કેટલી હદ સુધી હાનિકારક ગણાય ? હજી જેના પર નિર્ણય લઈ શકાયો નથી, તે કિરણોની અસર તેનું પ્રમાણ અને તેનો પ્રકાર તથા ક્યાં અને કેવી રીતે તેની શરીર પર અસર થઈ છે વગેરે બાબતો છે.

શરીરના કોષ (ટિશ્યૂ)ના એક ગ્રામ જેટલા ભાગમાં શોષાયેલું રેડિયેશન 'રેડ' (Rad) નામના એકમ (યુનિટ) દ્વારા દર્શાવવામાં આવે છે. હવે આના બદલે (ગ્રે) (Gray) આંતરાષ્ટ્રીય એકમ સ્વીકારવામાં આવ્યો છે. (1 ગ્રે = 100 રેડ) આની એક માત્રામાં કેટલું હાનિકારક તત્ત્વ છે તેનું માપ નકકી કરાયું છે. આ માપ 'રેમ' (Rem) નામથી ઓળખાય છે. આ માટેનો આંતરાષ્ટ્રીય એકમ (Sievert) સીવર્ટ છે. (1 સીવર્ટ = 100 રેમ)

ઉત્સર્ગની મોટા પ્રમાણની અસરો જાણીતી છે. 10,000 રેમ જેટલું રેડિયેશન શરીરની કેન્દ્રિય જ્ઞાનતંતુ વ્યવસ્થાને તોડી નાખી તુરત જ મૃત્યુ લાવે છે. 300 રેમ જેટલો રેડિયેશનનો ડોઝ 50 ટકા જીવલેણ છે અને 300 થી 100 રેમ સુધી તેની હાનિકારકતા ક્રમશઃ ઘટતી જાય છે.

ન્યુયોર્ક મેડિકલ સેન્ટરના ડૉ. આર્થરના મત મુજબ હાનિકારક અલ્પમાત્રા નકકી કરવાનું કામ અત્યંત વિકટ છે. સૈદ્ધાંતિક રીતે કોઈપણ પ્રકારનું રેડિયેશન ઉત્સર્ગ વેરી શકે છે.

''ઓરકેસ્ટ્રામાંથી એકલા વાયોલીનના સુરો જુદા પાડવાનું જેમ શકય નથી તેમ અલ્પ હાનિકારક રેડિયેશનને નોખા તારવવાનું પણ મુશ્કેલ છે.'' જ્યારે ડૉ. ગોફમેનના મત મુજબ ''રેડિયેશનની સૌથી હાનિકારક અસર તે અલ્પમાત્રામાં હોય ત્યારે જ થાય છે !!''



Scanned with CamScanner

# ॥ हमारे जीवन में संगति का प्रभाव ॥

सूर्यदेव आर. यादव

हमारे जीवन में संगति का महत्वपूर्ण प्रभाव पड़ता है। संगति अर्थात साथ, यदि दूसरे शब्दों में कहें तो हम जहाँ रहते हैं या जिसके साथ रहते हैं उसका (वहाँ) का माहोल कैसा है ? मानव प्रकृति से परिवर्तनशील है, इसलिए हमें अपने माहोल या संगति के प्रति जागृत रहना चाहिए। खास करके विद्यार्थी जीवन में, क्यों कि विद्यार्थी जीवन नाजुक पौधे के समान होता है। उसे इच्छा अनुसार दिशा दी जा सकती है अर्थात उसे जिधर चाहें उधर मोड़ सकते हैं।

इसलिए विद्यार्थी जीवन की संगति भविष्य में महत्वपूर्ण भूमिका निभाती है। यदि संगति अच्छी मिलती है तो साधारण विद्यार्थी भी जीवन में उन्नति करता है। और खराब संगति से अच्छा विद्यार्थी भी अधोगति के मार्ग पर चला जाता है अर्थात भविष्य अंधकारमय हो जाता है।

आज समाज में कुसंगति रूपी दूषणने अपना राक्षसी पंजा इतना विस्तृत कर लिया है कि असंख्य लोग (विद्यार्थी) उसकी गिरफ्त में आ गये है। उनका जीवन हताशा, निराशा, टूटन, घूटन आदि से भरा दिशाहीन हो गया है। आज छोटे-छोटे बच्चे (विद्यार्थी) पान, मावा, बीड़ी, तम्बाकू आदि यहाँ तक कि ब्राउनसूगर (हेरोइन) का सेवन करते दिखाई देते है। उनके जीवन की शुरूआत ही धूँधली और दिशाविहीन है। इसका एक मात्र कारण उनकी कुसंगति है। यदि उन्हें अच्छी संगति मिली होती तो उनका जीवन सुखी एवं समृद्ध होता तथा जीवन उपाधी रहित होता। इस संदर्भ में कबीरदासजी की एक साखी देखे।

**संगति कीजय साधु (सज्जन) की, कटे कोटि अपराध।**
**ओछी संगति क्रुर की, आठो पहर उपाधी ॥**

अर्थात हमें सदैव सज्जनों की संगति करनी चाहिए, इससे हमारे दोष और अपराध कट जाते हैं। और क्रुर की संगति करने से हमेशा अशांति या उपाधी रहती है।

जन्म से कोई बुरा नहीं होता है। अच्छी संगति के अभाव में व्यक्ति बुरा बन जाता है। व्यक्ति संगति से अपना उत्थान भी कर सकता है और पतन भी। संगति के अनुरूप ही उसमें गुण और दोष आते हैं। इस बात की पुष्टि करता हुआ कबीरदास जी का एक दोहा देखें –

**जोहिं जैसी संगति करी तैं तैसो फल लीन्ह।**
**कदली, सीप, भुजंग मुख बूंद एक गुण तीन ॥**

भावार्थ स्पष्ट है कि जैसी संगति करता है वैसा फल पाता है। जैसे स्वाति का बूँद एक होता है, अर्थात स्वाति का पानी होता है उसका गुण-धर्म समाजन होता है। परंतु पात्र के अनुसार उसका रूप, गुण और धर्म बदल जाता है। जैसे यदि वह केला में पड़े तो कपूर बनता है, सीप में पड़े तो मोती बनता है और यदि सर्प के मुँह में पड़ जाए तो मणि बन जाता है। एक वस्तु के अलग-अलग गुण हमें दिखाई देता है मात्र उसकी संगति के कारण।

Scanned with CamScanner

हमारे जीवन में भी गुण-दोष अर्थात रहनी-गहनी, सामाजिक व्यवहारिक ज्ञान संगति के अनुरूप विकसित होते हैं। कई व्यक्ति बड़े विनम्र होते हैं जो सभी को सम्मान से बुलाते हैं, सभी को प्रेम और आदर देते हैं। और कई लोग किसी का भी आदर, सम्मान नहीं करते हैं, और भाषा भी इतनी निरस बोलते हैं कि कोई सुनना भी पसंद नहीं करता। एक में नम्रता, दूसरे में कठोरता यह कोई ईश्वर प्रदत्त नहीं है, यह तो मात्र हमारे सहवास की देन है। उदाहरण के लिए हम पंचतंत्र की एक कहानी देखें –

एक ही साथ जन्में दो तोते के बच्चे थे। एक बच्चे को एक मुनि ने पाला, दूसरे को एक बधिक ने पाला। दोनों बड़े हो गये और संगति के अनुरूप व्यवहार कुशल भी। एक बार राजा शिकार खेलते उसी जंगल में जा पहुँचा। उसे प्यास लगी, पानी खोजते खोजते राजा बधिक की झोंपडी में जा पहुँचा, और पानी माँगा। राजा को देखतें ही बधिक का तोता जोर-जोर चिल्लाने लगा, और कहने लगा, तू कौन है, यहाँ क्यों आया, पानी क्या तू रख गया है ? भाग जा नहीं तो मार डालूँगा। ऐसी तीक्ष्ण, वेधक बातों को सुनकर राजा चला गया। आगे जाकर महात्मा की झोंपड़ी मिली। राजा ने आवाज दी, राजा को देखते ही, महात्मा का तोता बोला, आइए महाशय पधारिये, आप का स्वागत है, आप थके लगते है थोड़ी देर विश्राम कीजिये, पानी पीएगें ?

तोते की अमृतमय मधुर वाणी सुनकर राजा तृप्त हो गया। दोनों ही तोते है, लेकिन इतना अन्तर क्यों ? यह जानने के लिए राजा, महात्मा और बधिक को अपने तोते के साथ बुलाया और पूछा महात्मा जी आप का तोता इतना सभ्य और समझदार क्यों है ? और बधिक तेरा तोता इतना उदन्ड क्यों है ? राजा के प्रश्न का उत्तर देते हुए महात्मा का तोता कहता है अर्थात दोनों के बीच इतना अन्तर क्यों है ? उसका कारण बताता है –

> अहं मुनिनाम् वचन श्रुणोमि, श्रुणोति राजन स कुवाक्यवाक्यम् ।
> न तस्य दोषो न च मे गुणोवा, संसर्ग जा दोष गुणा भवन्ति ॥

अर्थात हे राजन मैं हमेशा अच्छी संगति में रहा तथा महात्मा जी के अच्छे अच्छे बचन सुनता रहता हूँ और यह अर्थात मेरा भाई हमेशा बधिक के खराब-खराब वचन सुनता है, हमेशा मार, काट, गाली, गलौच सुनता है इसलिए हे राजन न तो मुझमें गुण है और न उसमें दोष। गुण और दोष संसर्ग याने संगति के अनुसार होता है। इसी बात का समर्थन करता हुआ एक कवित्र देखें, जिससे बात बिल्कुल साफ हो जाएगी कि संगति वास्तव में हमारे जीवन को प्रभावित करती है –

> ज्ञान बढ़े गुणवान की संगत, ध्यान बढ़े तपसी संग कीन्हे ॥
> मोह बढ़े परिवार की संगत, भोज बढ़े धन में चित दीन्हे ॥
> क्रोध बढ़े नर मूढ़ की संगत काम बढ़े तिय के संग कीन्हे ॥
> वुद्धि विवेक विचार बढ़े कवि दीन सुरज्जन संगत कीन्हे ॥

उपरोक्त द्रष्टांत देखने से यह स्पष्ट हो जाता है कि हमारे जीवन में संगति का महत्वपूर्ण स्थान है। इसलिए हमें हमेशा अच्छे लोगो की संगति करनी चाहिए। एक अच्छा नागरिक, एक अच्छा देशवासी बनने के लिए अच्छी संगति का होना परम आवश्यक है।

अस्तु।

Scanned with CamScanner

# નવી ઔદ્યોગિક નીતિ

રાજશ્રી સિધવાવાલા

ભારતીય અર્થતંત્રને ઉચ્ચ વિકાસના પંથે આગળ ધપાવવા માટે પંચવર્ષીય આયોજન અપનાવવામાં આવ્યું છે. અર્થતંત્રની ગતિશીલ વૃદ્ધિ માટે જુલાઈ ૧૯૯૧માં નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરી. ત્યાર બાદ ૧૯૯૩-૯૪ના વર્ષના કેન્દ્રીય અંદાજપત્રમાં નાણાપ્રધાન શ્રી મનમોહનસિંઘે ભારતમાં નિકાસવૃદ્ધિને વેગ મળે તે માટે વિદેશી સહયોગ વધારવાના પ્રયત્નો કર્યા છે. ભારતમાં પંચવર્ષીય યોજનાઓના આયોજન માટે આંતરિક સાધનો, વિદેશી સહાય તથા ખાદ્યપૂરવણી જેવા સાધનો દ્વારા નાણા ઊભા કરવામાં આવે છે. આ આંતરિક સાધનો દ્વારા નાણાં ઉભાં કરવા એ આત્મનિર્ભરતાનું પ્રતીક છે. પરંતુ, ભારતમાં કમનસીબે વિદેશી સહાય અને ખાદ્ય પુરવણીનો ઉપયોગ ઉત્તરોઉત્તર યોજનાઓ દરમ્યાન વધતો ગયો છે. આ સાધનોનો ઉપયોગ ભારતે ખોરાક તરીકે કર્યો છે.

ભારત શ્રમપ્રચુર દેશ હોવાથી મૂડી શરમાળ છે. મૂડીની અછત નિવારવા માટે અને રોજગારીની તકોના સર્જન માટે વિદેશી મૂડીનો સહયોગ અત્યંત આવશ્યક છે. સ્વતંત્રતા મળી ત્યારથી આજ સુધીમાં ભારતે આર્થિક મોરચે હરણફાળ ભરી છે. તેલ રિફાઈનરીઓ, વિદ્યુતમથકો, પોલાદ અને સિમેન્ટના પ્લાન્ટ વગેરે સ્થાપવા માટે મોટા ભાગની ટેકનોલોજી ઘરઆંગણે ઉત્પાદિત કરી શકીએ છીએ.

૧૯૯૧ની નવી ઔદ્યોગિક નીતિમાં ઝડપી આર્થિક વિકાસ, ઉદ્યોગીકરણ, ટેકનોલોજી ક્ષેત્રે પ્રગતિ અને ઉદ્યોગોમાં આધુનિકિકરણ માટે વિદેશી સહયોગ વધારીને વિકાસવૃત્તિને વેગ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ૧૯૯૧ની નવી નીતિમાં ૫૧ % વિદેશી મૂડી ધરાવતી કંપનીઓ હોય તેમને નિકાસપ્રવૃત્તિ કરતા વ્યાપારી ગૃહો તરીકે કાર્ય કરવા પ્રોત્સાહન આપવામાં આવશે. જેથી નિકાસોને પ્રોત્સાહન મળે.

ભારતમાં ૧૯૮૧ થી ૧૯૯૧ના ઘટાડા દરમ્યાન વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે ઉદ્યોગીકરણ, આધુનિકિકરણ થયેલ છે. આથી ભારત સરકારે નવી ઔદ્યોગિક નીતિમાં વિદેશી સહયોગ વધે તે હેતુથી બહુરાષ્ટ્રીય કંપનીઓ સાથે વાટાઘાટો કરવા સત્તાધારી બોર્ડની સ્થાપના કરી છે, જે આંતરરાષ્ટ્રીય પેઢીઓ સાથે વાટાઘાટો કરશે અને ઉચ્ચ ટેકનોલોજી તથા વિશ્વ બજાર ઉપલબ્ધ બનાવી આપે તેવા પસંદ કરાયેલા વિસ્તારમાં સીધા વિદેશી રોકાણને મંજૂરી આપશે. ભારતમાં વિદેશી મૂડી ધરાવતી કંપની વિદેશી મૂડી પરનો નફો એટલે કે ડિવિડન્ડની રકમ વિદેશ મોકલવા માંગતી હોય તો નિકાસ દ્વારા જ કમાણી કરી શકાય, જેથી આવી કંપનીઓ નિકાસપ્રવૃત્તિ વધારવા આગળ ધપી શકે.

૧૯૯૩-૯૪ના કેન્દ્રીય અંદાજપત્રમાં રૂપિયાને સંપૂર્ણ રૂપાંતરણીય જાહેર કરાતા નિકાસકારોને વધુ ફાયદો થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. જેથી નિકાસપ્રવૃત્તિ કરતા એકમો વધુ નિકાસ કરવા પ્રેરાશે.

આયાત, જકાત અને આબકારી જકાત ઘટાડીને નિકાસલક્ષી એકમો જરૂરી ટેકનોલોજીની આયાત કરી શકશે અને આબકારી જકાતના ઘટાડાથી વસ્તુની કિંમતમાં ઘટાડો થતાં વૈશ્વિક બજારમાં નિકાસો પ્રોત્સાહિત બનશે.

આમ, નવી ઔદ્યોગિક નીતિ અને કેન્દ્રીય અંદાજપત્રની જોગવાઈઓને પરિણામે નિકાલસલક્ષી ઉત્પાદનને વેગ મળશે. ઉપરાંત, નિકાસક્ષમતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધશે. આથી, આંતરરાષ્ટ્રીય બજારમાં દેશનું ઉત્પાદન સ્થાન લઈ શકશે. આમ, ભારતમાં વણવપરાયેલી ઉત્પાદનશક્તિ અથવા વણવપરાયેલા ઉત્પાદન સાધનોનો પ્રશ્ન હલ થશે. ભારતને વિકાસને પંથે આગળ ધપાવવા અને ઝડપી આર્થિક વિકાસ દરને હાંસલ કરવાના પ્રયત્નરૂપે આર્થિક સુધારાઓ ઉપર ભાર મૂકીને નિકાસપ્રવૃત્તિને વધારવાનો ઉત્તમ માર્ગ નવી ઔદ્યોગિક નીતિમાં અપનાવવામાં આવ્યો છે.



Scanned with CamScanner

# વિદ્યાર્થી જીવન કેવું જીવશો ?

રશ્મિતા એન. પટેલ

વિદ્યાર્થી એટલે વિદ્યાનો અર્થી. વિદ્યાની ઈચ્છા રાખનારે શી સાવધાની રાખવી જોઈએ, એ અંગે વિચારીએ તો પ્રથમ તો વિદ્યાર્થીએ પોતાના શરીરને નિરામય-તંદુરસ્ત રાખવું જોઈએ. શરીર નિરોગી, તંદુરસ્ત હોય તો જ વિદ્યા વિદ્યાઅભ્યાસમાં સારી રીતે જોતરાય શકે, કહેવાયું છે "A sound mind in a sound body."

શરીરને સારું રાખવા માટે વિદ્યાર્થીએ કોઈપણ પ્રકારના વ્યસનો, કુટેવોથી સાવધાનીપૂર્વક દૂર રહેવું જોઈએ. સંદર્ભે મિત્રની પસંદગીમાં સજાગ રહેવું અત્યંત જરૂરી છે. વિદ્યાર્થી જીવનમાં મિત્રો હોવા જ જોઈએ. પરંતુ સાચા વિદ્યા વિદ્યાભ્યાસમાં, જીવન ઘડતરમાં સહાયક બને એવા સંસ્કારી મિત્રની પસંદગી કરવી જોઈએ. શરીર સ્વાસ્થ્યની પ્રાપ્તિ રક્ષા / વૃદ્ધિ માટે નિયમિત વ્યાયામ વગેરેની સુટેવો પણ અનિવાર્ય રીતે જરૂરી ગણાય.

વિદ્યાપ્રાપ્તિનું ધ્યેય નક્કી કર્યા પછી અડગ રહીને નિષ્ઠાપૂર્વક અભ્યાસમાં એકાગ્રતાથી મંડી રહેવું જોઈએ. પોતા રસ, અભિરૂચિ, બૌધિક સ્તર વગેરે અનેક પરિબળોનો સર્વાંગી વિચાર કરીને જ વિદ્યાશાખાની અને વિષયની પસંદ કરવી જોઈએ. ગતાનુગતિક ન્યાયથી એટલે ગાડરિયા પ્રવાહથી, અન્યનું અનુકરણ કરીને અભ્યાસની કે વિષયની પસંદ ન કરવી. વિષય પસંદગીમાં કોઈ નિષ્ણાંત વ્યક્તિનું માર્ગદર્શન લેવું જોઈએ. વિદ્યાર્થીકાળ પર સમગ્ર જીવનનું ભવિ નિશ્ચિત થતું હોય છે. તેથી વિદ્યાર્થીકાળમાં સવિશેષ સાવધાની જરૂરી બને છે.

આજે વિદ્યાર્થી મોટેભાગે અંધકારમાં અથડાતો જોવા મળે છે. જો કે એ અંગે અનેક પરિબળો જવાબદાર છે. આજ શિક્ષણ વ્યવસ્થા, અભ્યાસક્રમો, પરીક્ષા પદ્ધતિ, શિક્ષણની સવલતો, શાળા કૉલેજમાં વિદ્યાર્થીઓની સવલતો-સમસ્યા જટિલ બની છે. જેનો અસ્વીકાર કોઈથી થઈ શકે નહિ. એમ વિદ્યાર્થી તરીકે આપણે સ્વચ્છંદી બનીએ કે સભાન ન શકી અને આપણા ભાવિ જીવનને નિરર્થક ભારરૂપ બનાવીએ એ ક્યારેય પોષાય એમ નથી. વિદ્યાર્થીએ તો પ્રવર્તમાન સંજોગો જાતે સજાગ રહીને પોતાના ઉજ્જવળ ભાવિનું નિર્માણ કરવાનું છે.

આજની લગભગ સર્વાંગી રીતે વિકટ બનેલી પરિસ્થિતિમાં પણ આપણે વિદ્યાર્થી તરીકે હતાશ કે નિરાશ થવા જરાયે જરૂર નથી. વિવેક બુદ્ધિ રાખી, ખૂબ જ સાવધાનીથી વિદ્યાપ્રાપ્તિના ધ્યેય પર એકાગ્રતાથી પરિશ્રમ કરીશું તો ભાવિ ઉજ્જવળ બનશે જ. જો સમગ્ર ભાવિ જીવનને સુખી કરવું હોય તો વિદ્યાર્થી જીવનમાં એશઆરામ સુખનો ત્યાગ કરી પરિશ્ર બનવું જોઈએ. સંસ્કૃતમાં કહેવાયું છે.

**'सुखार्थी चेत् त्यजेत् विद्या, विद्यार्थी चेत् त्यजेत् सुखम् ।'** 'સુખની ઈચ્છાવાળાને વિદ્યા ક્યાંથી અને વિદ્યા ઈચ્છાવાળાને સુખ ક્યાંથી.' વિદ્યાપ્રાપ્તિ અને સુખ બંને તલવારો એક મ્યાનમાં કદી ન રહી શકે. વિદ્યાર્થીએ સુખ વૈભવ, વિલાસ વિદ્યાર્થીકાળમાં છોડી સ્વાશ્રયી બની અભ્યાસમાં મંડી જવું જોઈએ. વિદ્યાર્થી જો પંડિત નહેરૂના **'आराम हराम है ।'** એ સૂત્રને બદલે **'आरम राम है ।'** એવું સૂત્ર અપનાવી, એશઆરામ ધ્યેય સિદ્ધ કરવા માંગે તો એ શક્ય નથી

વિદ્યાર્થીએ વસ્ત્ર પરિધાન તથા વ્યવહાર કે વર્તનમાં સાદાઈ રાખી, વિચારોમાં ઉન્નત બનવું જોઈએ. 'Simple living and high thinking' ની ટેવ પાડવી જોઈએ પરંતુ ખેદની વાત છે કે આજનો વિદ્યાર્થી 'High living and no thinking' ની સ્થિતિમાં રહીને પોતાના ભાવિ વિશે દિશાશૂન્ય બનતો જાય છે. આ સ્થિતિમાંથી બહાર નીકળ



Scanned with CamScanner

વિદ્યાર્થીએ સારા વાચનનો અને મૌલિક રીતે વિચારવાનો તથા લેખનકાર્યનો મહાવરો કેળવવો જોઈએ. આ ઉપરાંત ્યાસ દરમ્યાન જ્યાં ન સમજ પડે, જ્યાં મુશ્કેલી જણાય ત્યાં વિના સંકોચે વિદ્યાર્થીએ પોતાના શિક્ષકને વિનયપૂર્વક પ્રશ્ન સમાધાન મેળવવું જોઈએ. 'Asking the auestions is the best way of learning.'

શ્રીમદ્ ભગવદ્ ગીતામાંયે જ્ઞાનપ્રાપ્તિ માટે ભગવાને અર્જુનને કહ્યું છે, **परिप्रश्नेन सेवया।** વિદ્યાર્થીએ સમયનું મૂલ્ય સમજવું જોઈએ. સમય ખોટો વેડફાઈ નહિ, એની સતત તકેદારી રાખવી જોઈએ. કોઈક વિદ્વાને કહ્યું છે, 'એક ક્ષણને બગાડવી નહિ, ક્ષણે ક્ષણનો સદ્ઉપયોગ વિદ્યાર્થીએ કરવો જોઈએ.' વિદ્યાર્થી જીવન કેવુ હોવું જોઈએ એ સંદર્ભે ાપ્રાપ્તિમાં અચૂક રીતે પ્રેરક અને સહાયક બંને લક્ષણો એવા વિદ્યાર્થીના વર્ણવતા એક સુભાષિતકારે કહ્યું છે,

**काकचेष्टा बकध्यानं श्वाननिद्रा तथैव च।**

**स्वल्पाहार सुखत्याग विद्यार्थी पंचलक्षणम्॥**

કાગડા જેવી ચંચળતા કે ચપળતા વિદ્યાર્થીમાં હોવી જોઈએ. સ્થૂળતા અને આળસ વિદ્યાપ્રાપ્તિના વિઘાતક પરિબળો છે. વિદ્યાર્થી ચપળ હોવો જોઈએ.

બગલા જેવું ધ્યાન વિદ્યાર્થીનું હોવું જોઈએ. બગલો સરોવર કાંઠે એક ધ્યાનથી ઉભો હોય છે. એ પોતાના ભલા સિવાય બીજી જગ્યાએ ક્યાંય ધ્યાન આપતો નથી. વિદ્યાર્થીએ પણ પોતાના લક્ષ્ય (વિદ્યાપ્રાપ્તિ) સિવાય બીજે ધ્યાન ન આપવું જોઈએ. બગલા જેવી એકાગ્રતા વિદ્યાર્થીમાં જરૂરી છે.

શ્વાન જેવી ઊંઘ હોવી જોઈએ. શ્વાન સામાન્ય અવાજ થતાં તરત જ જાગી જાય છે. વિદ્યાર્થીએ પણ અભ્યાસ માટે એલાર્મ વાગે કે તરત જ ઊઠી જવાની અથવા તો ઘરના કોઈ વડીલ વાંચવા ઉઠાડે ત્યારે તરત જ ઉઠવાની ટેવ કેળવવી જોઈએ. એલાર્મ વાગીને બંધ થઈ જાય, ઘરના વડીલો બુમ પાડીને થાકી જાય છતાં ન જાગે કે ન ઉઠે એ વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસ શી રીતે કરી શકે ?

આહાર ઉપર આળસ અથવા સ્ફૂર્તિ કે તાજગીનો આધાર રહે છે. સ્વલ્પ એટલે થોડો આહાર વિદ્યાર્થીએ લેવો જોઈએ. ખૂબ ઠાંસી-ઠાંસીને પેટ ભરવથી વધુ ઊંઘ આવે અને આળસ આવે એ સ્વાભાવિક છે. તેથી વિદ્યાર્થીએ ખોરાક બાબતે કાળજી રાખવી જરૂરી છે.

ભવિષ્યના જીવનને વધુને વધુ સુખમય બનાવવું હોય તો વિદ્યાર્થી અવસ્થામાં 'સુખત્યાગ' આવશ્યક છે. સુખ-વૈભવ-વિલાસ-એશઆરામથી અભ્યાસમાં અવરોધ સંભવિત છે, જેથી વિદ્યાર્થીકાળમાં એનાથી દૂર રહેવું જોઈએ.

આમ, વિદ્યાર્થી ધારે તો આજની આવી કપરી પરિસ્થિતિમાંયે માર્ગ મેળવીને સારી રીતે, વિદ્યાપ્રાપ્ત કરી શકે એમ વિદ્યાપિપાસુ વિદ્યાર્થીઓ સારી, સાચી રીતે વિદ્યાપ્રાપ્ત કરી શકે એ માટેનું સાનુકૂળ વાતાવરણ ઊભુ કરવાનું ઉત્તરદાયિત્વ ાજનું છે. જો સમાજ આ ઉત્તરદાયિત્વને સુપેરે વ્યક્ત કરે તો રાષ્ટ્રનું ભાવિ ઉજ્જવળ બની શકે.

Scanned with CamScanner

# Balu's Cry

Pravin Master

Going to School
Balu cries :
What will this make me ?
What do they give me ?
and
What do I need ?
They say me a 'nation's builder'
and treat me ..... !
I am taught to believe
but
Do they believe ?
Do they teach or
Do they cheat ?
I know a b c d
and
I know 2 + 2 = 4
I don't know
how they make 2 + 2 = 5
Balu cries
Going to School !

# "भाषा हिन्दी"

महेशकुमार सी. पटेल

अपनी भाषा हिन्दी प्यारी ।
सब भाषाओं से न्यारी ॥
सत्रह रत्न किए हाथों में ।
सुधा नागरी भरे कलश में ॥
विज्ञान - वार्ता - तकनीकी ।
सब को देती शब्द बारीकी ॥
सुन्दर निखार उभर बहुत कम ।
बहन धुरन्धर भाषाओं की सब ॥
तमिल - तेलुगु - गुजराती ।
नेपाली - कन्नड - बंगाली ॥
राजस्थानी - मलयालम - उडिया ।
हिन्दुस्तानी आंग्ल - असमिया ॥
सिन्धी - पंजाबी - कश्मीरी ।
कोंकणी - मराठी - मणिपुरी ॥
संस्कृत - उर्दू का भी कहना ।
हिन्दी भाषा सुन्दर बहना ॥
भारत के माथे की बिन्दी ।
भाषाओं में भाषा हिन्दी ॥

Scanned with CamScanner

આસીફ ઈકબાલ

''ફરિયાદ કીયા કરતા થા ખુદા સે હમે ભી ક્યું ગમ હી ગમ મીલા,
મગર દેખા ઓરો કા ગમ, તો સોચા હમે તો બહુત હી કમ મીલા.''
''તન્હાઈયોં મેં એ દોસ્તો ! યાદ તુમ્હારી આયેગી,
ઓર તો કુછ નહિ મગર આંખોં મેં આંસુ જરૂર લાયેગી.''
''ચમન કો મેંહકાને વાલે ફૂલ તો બહુત હોતે હૈં,
મગર કાંટો મેં રહેકર મેંહકાને વાલે ગુલાબ બહુત કમ હોતે હૈં.''
''આયે આંધી યા તુફાન ન ચલના કભી તુમ સચ્ચાઈ સે હટકર,
યાદ રખના એ દોસ્ત ક્યું કે તુમહો ઈસ આલમ કે રાહબર.''
''મંઝિલ કો પા લેનેવાલે તો બહુત હોતે હૈં,
મગર કાંટોસે ગુઝરકર પાનેવાલે બહુત કમ હોતે હૈં.''
''હોતા ન ઈલ્મ અગર તો જાનવર કી તરહ ભટકકર રહ ગયે હોતે,
ઓરોકા શિકાર કરતે કરતે ખુદ એક શિકાર બન ગયે હોતે.''

Slow, Slow, Slow,
Don't run Fast,
Everything is here,
Everything is martal,
Nothing is there,
Then !
Why do in hurry ?

# માનવ

નરેન્દ્ર એમ. ચૌધરી

પ્રભુએ ખીલવ્યુ છે, મનુષ્ય રૂપી કમળ,
સાથે એણે આપ્યુ છે, વિચારોનું વમળ.
વિચારોના વમળમાં અટવાયેલો માનવ
લાગણીનાં પ્રવાહમાં તણાયેલો માનવ
ક્યારેક બને છે દાનવ, તો ક્યારેક મહામાનવ
જીવન રૂપી સમુદ્રના કિનારે ઉભેલો માનવ
મુશ્કેલીઓનાં મોજાથી ઘેરાયેલો માનવ
જીવનનાં વનમાં અટવાયેલો માનવ
ક્યારેક હરણ જેવો, તો ક્યારેક સિંહ જેવો માનવ
ચપળ ચતુર એ તો છે શિકારી
ક્યારે બનાવી દે એ માનવ ને ભિખારી
આ બધુ કરનાર છે દેવ
માનવને હેરાન કરવાની એને છે ટેવ
છતા પણ માનવની એક જ અભ્યર્થના
મારી સફળ રહે પ્રભુ પ્રાર્થના
માનવ કદી ન બને દાનવ.



Scanned with CamScanner

# સમદુ:ખિયો

● સંકલન : વિજય મદ્રાસી

માડી ! ધાર કે તારો દીકરો
નહીંને કુરકુરિયું હોત !
રખેને તારા પીરસેલા ભાણામાં
ભાત ખાવા મોં નાખું .....
એ બીકે શું તું હાંકી કાઢત મને !
ખરું કહે હોં માડી !
મને હીસલાવવાની વાત
લગીરે ય કરતી ના.
તું એમ કહેત મને
હડે, હડે, હડે .....
આ કૂતરું વળી અહીં ક્યાંથી !
તો જા, મા ! જા,
મને તારે ખોળેથી ઉતાર
તારા હાથે હું ભાત નહીં ખાઉં
તારા ભાણાનો કોળિયો હું નહીં લઉં
ને મા !
માન કે તારો દીકરો નહીં
ને જો હું પોપટ હોત તો !
રખેને ઊડી જાઉં,
એ બીકે શું તું મને
સાંકળે બાંધી રાખત !
ખરું કહેજે માડી !
મને પટાવવાની વાત
તું લગીરે ય કરતી ના.
તું મને એમ કહેતે કે
ઓ રે, અભાગિયા પંખી
સાંકળ તોડીને
મને ઉલ્લુ બનાવીને
ઊડી જવું હતું તારે
એમ ને ?
એમ જ કરવાની હો
તો મને તારી ગોદેથી ઉતાર
મને તારાં વ્હાલ ન ખપે,
ન ખપે તારો આ ખોળો .....
હું તો વનમાં જઈને રહીશ.

# એકવીસમી સદીના સપનાને .....

મુક્તાબેન એન. પટેલ

અમે સૌ મળી ભારતમાં,
અમે એકવીસમી સદીના સપનાને .....
મુખ અમે નદીઓનાં વાળી
હળ ચાંદા ઉપર ચલાવીશું,
રેતાળ રણો હરિયાળા કરી,
એ વગડાને ઉપવન બનાવીશું.
નગરોની શોભા કાજે અમે,
પ્રદુષણ પર રોક લગાવીશું.
પંખીના ગીત ગલી ગલી,
ગુલઝાર બનાવી સુણાવીશું.
શસ્ત્રો, દારૂગોળા મિટાવી,
અમે એકવીસમી સદીના સપનાને .....
સાહસ - લગનથી હર માનવમાં,
તકદીર જગાડી ગાઈશું.
રંગવર્ણના ન ભાષા ધર્મના
નામે કોઈ જુલ્મો ન કરશે,
ન ભ્રષ્ટાચાર પ્રગટશે,
ન મજબૂરોનું શોષણ થશે.
કોઈ ન જગમાં જોવા મળશે,
નગ્ન - અભણ ને ભૂખ્યા બેઘર,
ધરતીને સ્વર્ગ બનાવીશું,
અમે એકવીસમી સદીના સપનાને .....
મસીહા થઈ હર માનવ ત્યારે,
સતજુગનો ઈતિહાસ સરજશે.

Scanned with CamScanner

# ઋણ સ્વીકાર

## અમો આભારી છીએ .....

- ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, અંકલેશ્વરના ટ્રસ્ટીઓના, કૉલેજની ભૌતિક જરૂરિયાતો પૂરી પાડવા અને સતત હૂંફ, માર્ગદર્શન, પ્રોત્સાહન આપી પ્રેરણાસ્ત્રોત બનવા બદલ .....
- આંતર કૉલેજ વ્યાખ્યાનમાળા હેઠળ ''શિક્ષણની વિશ્વસનીયતા''ના વક્તા ડૉ. દિનુભાઈ જી. નાયકના મનનીય વિચારો બદલ .....
- સરસ્વતી વિદ્યાલય ભરૂચ, નર્મદા હાઈસ્કુલ શુક્લ તીર્થ. ઈ. એન. જીનવાલા હાઈસ્કૂલ અંકલેશ્વર, એમ. ટી. એમ. ગર્લ્સ હાઈસ્કૂલ અંકલેશ્વર, આદર્શ કેળવણી મંડળ હાઈસ્કૂલ અંકલેશ્વર, જ્ઞાનદીપ અનુપકુંવરબા હાઈસ્કૂલ, અંદાડા, નવજીવન હાઈસ્કુલ ભરૂચ, ગાયત્રી વિદ્યાલય માંડવા બુઝર્ગ અને ધી અન્જુમને સાર્વજનિક હાઈસ્કૂલ, ખરોડ પરિવારનાં સભ્યોના અમારા પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્ય માટેની અનુમતિ આપી તે અંગે જરૂરી સુવિધાઓ અને સંપૂર્ણ સહકાર આપવા બદલ .....
- સંસ્થાની મુલાકાત લઈ શિક્ષણ વિષયક વિચારનું પ્રદાન કરતા ખેરગામ હાઈસ્કૂલના આચાર્યશ્રી, ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રા. નગીનભાઈ પટેલ તથા બી.એડ્. કૉલેજ સુરતના આચાર્ય શ્રી ડૉ. સી. ઝેડ. શાહના હસ્તે ડૉ. જયેશભાઈ નાયકનું સન્માન થતાં મળેલ ઉદ્‌બોધન બદલ .....
- સૂક્ષ્મ અધ્યાપન શિબિરના પ્રવક્તાઓ ડૉ. એ. એ. મહેતા, પ્રા. જી. વી. મહેતા તથા પ્રા. આર. આઈ. પારેખનો અધ્યયન કૌશલ્યલક્ષી અભિગમ વિકસાવવામાં ફાળો આપવા બદલ .....
- સ્મરણિકામાં જાહેરાત આપનાર સજ્જનો અને સંસ્થાઓના સ્મરણિકામાં જાહેરાતને નિમિત્ત બનાવી આર્થિક સહયોગ આપવા બદલ
- આકાર ઓફસેટ, વરાછા રોડ સુરતના માલિક અને કર્મચારીઓના, ટૂંકા ગાળામાં સુંદર રીતે 'ઉત્કર્ષ' છાપી આપવા બદલ .....
- ખરોડ ગામની જનતાના જેઓએ કૉલેજ માટે મકાનની સગવડ કરી કૉલેજ પરિવારના સભ્યોને પોતાના સભ્યો ગણી તમામ પ્રકારના સાથ, સહકાર અને હૂંફ આપવા બદલ .....
- પરિવારના સભ્યોના કુટુંબીજનોના જેમણે આ સંસ્થાના ઉત્કર્ષ માટે પરિવારના સભ્યોને હરહંમેશ યોગ્ય સહયોગ આપવા બદલ .....
- યુવક મંડળ ખરોડ જેણે સંસ્થાના વિશેષ કાર્યક્રમોમાં રસ દાખવી જરૂરી સુવિધાઓ પૂરી પાડવાની ઉદાત્ત ભાવના પ્રદર્શિત કરવા બદલ
- ખરોડ ગામની પ્રાથમિક શાળાના શાળા પરિવાર જેમણે શૈક્ષણિક અને પ્રવૃત્તિલક્ષી અભિગમમાં એકમેકની પડખે રહી વિવિધ કાર્યક્રમોને સફળતા અપાવવામાં સહયોગ આપવા બદલ .....
- આ સંસ્થાને પોતાની ગણી પોતાને પ્રાપ્ત થયેલ પ્રોત્સાહન રૂપ ઈનામની રકમ સંસ્થાને સુપરત કરનાર પ્રશિક્ષણાર્થીઓ અને આ પ્રકારની દાનની રકમ આપનાર દાતાઓની સંસ્થા માટેની લાગણી બદલ .....
- કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં નિર્ણાયક તરીકે સેવા આપનાર માધ્યમિક શાળાના શિક્ષકોએ બજાવેલ નિર્ણાયકની કામગીરી બદલ .....
- સંસ્થાના વાર્ષિકોત્સવ પ્રસંગે કાર્યક્રમને પ્રેરણાદાતા સેવા પરદેશથી પધારેલ ગ્રામ્યજનો તથા અતિથિ વિશેષ શ્રી કે. કે. સુંદરમ્ (ઉદ્યોગપતિ)ની શુભ ભાવનાઓ બદલ .....
- શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરાના આચાર્ય ડૉ. દિનુભાઈ નાયક જેઓ સંસ્થાની પ્રગતિમાં સતત રસ લઈ માર્ગદર્શક તરીકેની ભૂમિકા પૂરી પાડી અમને સદાય રસ્તો ચીંધવા બદલ .....
- મહેમુદભાઈ ઈસ્માઈલ ખરોડિયા 'મોટા' (મલાવી) તરફથી વાર્ષિકોત્સવ માટેની આર્થિક મદદ મળવા બદલ .....
- હાજી ઈબ્રાહીમ ઈ. જોગીયાત (કેનેડા), હાજી દાઉદ ઈ. ભૈયાત, મહેમુદભાઈ ખરોડિયા, સલીમભાઈ ઈ. ખરોડિયા, છોટાભાઈ ખરોડિયા, યાકુબભાઈ જોગીયાત, ઈસ્માઈલભાઈ પંડિત (સંજાલી), મહંમદભાઈ હાંસરોડના સંસ્થા પ્રત્યે પ્રેમભાવ બદલ .....
- સંસ્થાના ઉત્કર્ષમાં અને સંચાલનમાં ઉપયોગી બનનાર નામી અનામી સર્વે મહાનુભાવો પ્રત્યે તેઓની સંસ્થા પ્રત્યેની લાગણીને પ્રદર્શિત કરવા બદલ .....
- મથકેતર શિક્ષણ કાર્યક્રમ માટેની શાળાઓ

  ૧. મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડ

  ૨. ડી.આર.જી.ડી. એન્ડ એમ. જે. વિવિધલક્ષી સાર્વજનિક હાઈસ્કુલ, પરીઆ

  ૩. સરકારી માધ્યમિક શાળા, કેવડિયા કોલોની

  ૪. ધી અંબિકા હાઈસ્કૂલ, ગડતના આચાર્યશ્રીઓ તથા પરિવારના સભ્યોના જેમણે અમારા પ્રશિક્ષણાર્થીઓના મથક બહારના પ્રાયોગિક કાર્ય માટેની અનુમતિ આપી એક અઠવાડિયા માટે રહેઠાણ વગેરેની સુવિધાઓ અને સંપૂર્ણ સહકાર આપવા બદલ .....



Scanned with CamScanner

# સરનામા - વર્ષ : ૧૯૯૩-૯૪

૧. આહિર કિરણભાઈ રામભાઈ
ખંડારક ફળીયું, મુ.પો. બોદાલી, વાયા નવસારી
જિ. વલસાડ પિન. ૩૯૬ ૪૪૫

૨. ચૌધરી લલિતાબેન મગનભાઈ
૧/૬૯, મુ. પરવટ પો. રેગામા
તા. માંડવી જિ. સુરત. પિન. ૩૯૪ ૧૬૦

૩. વસાવા રમેશભાઈ માનસિંગભાઈ
મુ.પો. ઉમરઝર વાયા ઝંખવાવ
જિ. સુરત. પિન. ૩૯૪ ૪૪૦

૪. ચૌધરી લક્ષ્મણભાઈ રાયમલભાઈ
મુ.પો. રૂંધા, પો. રાજપરા વાયા અંકલેશ્વર
જિ. ભરૂચ. પિન. ૩૯૪ ૪૨૫

૫. ચૌધરી નરેન્દ્રભાઈ મહેશભાઈ
ઘર નં. સી-એચ-૧૧ સરકારી વસાહત
તિથલ રોડ આર.ટી.ઓ. પાસે જિ. વલસાડ-૧.

૬. ચૌધરી નાયુભાઈ કેસારાભાઈ
મુ.પો. બોરિઆ વાયા વાંકલ
જિ. સુરત. પિન. ૩૯૪ ૪૩૦

૭. ચિંચલીકર નિકીતાબેન મોહનભાઈ
૨/૪/૧૧ સુકલ ફળીયા મુ.પો. હાંસોટ
વાયા અંકલેશ્વર જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૦૩૦

૮. દવે દર્શનાબેન દિનેશચંદ્ર
સી-૩૦, જય જલારામ સોસાયટી
મુ.પો. સુરત-૯ પિન. ૩૯૫ ૦૦૯.

૯. દેસાઈ દર્શનકુમાર ભરતભાઈ
દેસાઈવાડ મોટી પોલ મુ.પો. એરૂ, વાયા નવસારી
જિ. વવસાડ પિન. ૩૯૬ ૪૫૦

૧૦. ગાંધી શૈલેષકુમાર બાબુભાઈ
મુ.પો. અંકલેશ્વર, ભાટવાડ
જિ. ભરૂચ પિન. ૩૯૩ ૦૦૧.

૧૧. કોસંબીયા શશીકાંત દુલ્લભભાઈ
મુ.પો. બરબોધન, વાયા રાંદેર
જિ. સુરત. પિન. ૩૯૫ ૦૦૧

૧૨. કોસમિયા વિમલબેન સુરેન્દ્રસિંહ
મુ.પો. કરા, વાયા અંકલેશ્વર
તા. વાલીયા જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૧૩૫

૧૩. લાડ હસમુખભાઈ લલ્લુભાઈ
મુ.પો. કલવાછ વાયા વલસાડ
જિ. વલસાડ. પિન. ૩૯૬ ૦૦૧

૧૪. મદ્રાસી વિજયભાઈ અપ્પારાવ
મુ.પો. કતારગામ, ભારત સેવાશ્રમ સંઘ
જિ. સુરત. પિન. ૩૯૫ ૦૦૧

૧૫. મૈસુરિયા પન્નાબેન શાંતિલાલ
મુ.પો. માંડવી, નાનાકુંભારવાડ
વાયા કિમ જિ. સુરત. પિન. ૩૯૪ ૧૬૩

૧૬. મલેક અનીશાબાનુ મજારૂલ હકક
કાનુગાવાડ, ગોયાબજાર, અંકલેશ્વર
જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૦૦૧

૧૭. મોદી ભાવનાબેન અરવિંદલાલ
૩૮૦૨, ચીટાબજાર અંકલેશ્વર
જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૦૦૧

૧૮. નાયક નીતાબેન નાનુભાઈ
મુ.પો. વાંસદા, કન્યાશાળાની સામે, વાયા બિલીમોરા
જિ.વલસાડ. પિન. ૩૯૬ ૫૮૦

૧૯. નોરાત અશ્માબાનુ અ. હમીદ
મુ.પો. રવિદ્રા, વાયા પાનોલી
જિ. ભરૂચ. પિન. ૩૯૪ ૧૧૫

૨૦. પરમાર હિરાભાઈ મણીલાલ
મુ.પો. આમોદ, આમલીપૂરા
જિ. ભરૂચ. પિન. ૩૯૨ ૧૧૦

૨૧. પરમાર પુષ્પાબેન રણછોડભાઈ
મુ.પો. નેત્રંગ, વાયા અંકલેશ્વર
જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૧૩૦

૨૨. પટેલ અંજનાબેન હિરાભાઈ
ડી-૯૩૮, કિભકોનગર
જિ. સુરત. પિન. ૩૯૪ ૫૧૫

૨૩. પટેલ અતુલકુમાર ચીમનલાલ
૩/૧/૧૦૨, મુ.પો. જંબુસર
જિ. ભરૂચ. ૩૯૨ ૧૫૦

૨૪. પટેલ ભાવનાબેન છીબુભાઈ
૨૦-શ્રી રંગનગર સોસાયટી મુ.પો. સરીબુજરંગ
વાયા અમલસાડ જિ. વલસાડ. પિન. ૩૯૬ ૩૧૦

૨૫. પટેલ છાયાબેન જગુભાઈ
મુ.પો. બેલાડબુહારી, વાયા વાલોડ
જિ. સુરત. પિન. ૩૯૪ ૬૩૦

૨૬. પટેલ હાજરાબેન ઈબ્રાહીમ
આશીયાના બી-૯૯, જંબુસર રોડ
જિ. ભરૂચ. પિન. ૩૯૨ ૦૦૧

Scanned with CamScanner

૨૭. પટેલ હિતેશભાઈ દુલ્લભભાઈ
મુ. પો. અડદા
તા. નવસારી. પિન. ૩૯૬ ૪૪૫

૨૮. પટેલ હિતેશકુમાર હરિભાઈ
ટેકરા ફળીયા, ઝઘડિયા
જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૧૧૦

૨૯. પટેલ જીતેન્દ્રભાઈ દુલ્લભભાઈ
ડુંગરી ફળીયા, સાદકપોર
બીલીમોરા - ૩૯૬ ૫૧૬.

૩૦. પટેલ મહેશકુમાર છગનલાલ
પટેલ સ્ટ્રીટ, મુ. કાકડવેલ
વાયા ફડવેલ જિ. વલસાડ-૩૯૬ ૫૪૦

૩૧. પટેલ મુક્તાબેન નારણભાઈ
મુ.પો. આટ, કુંભડાફળીયા, વાયા નવસારી
જિ. વલસાડ. પિન. ૩૯૬ ૪૦૩

૩૨. પટેલ રાજેન્દ્રકુમાર વસંતભાઈ
પંડ્યા સ્ટ્રીટ, મુ.પો. અડોલ
વાયા ટંકારીયા જિ. ભરૂચ-૩૯૨ ૨૦૩.

૩૩. પટેલ રશ્મિતાબેન નાનુભાઈ
વલોટી રેલ્વે ફાટક પાસે,
વાયા બીલીમોરા, જિ. વલસાડ-૩૯૬ ૩૨૧

૩૪. મપેક સ્મીતાબેન નગીનભાઈ
૯-એ, આનંતનગર સોસાયટી, બાબાદેવી પ્લોટ
મુ.પો. બારડોલી જિ. સુરત-૩૯૬ ૪૦૧.

૩૫. લાડ નીતાબેન મણીલાલભાઈ
૨૬, શાસ્ત્રીનગર સોસાયટી
મુ.પો. બારડોલી જિ. સુરત-૩૯૪ ૧૯૧.

૩૬. પટેલ શૈલેષકુમાર મણીલાલ
જેસલા ફળીયા, મુ.પો. નાનીતંબાડી, વાયા વાપી
જિ. વલસાડ. પિન. ૩૯૬ ૧૯૧

૩૭. પટેલ સ્મૃતિબેન ઠાકોરભાઈ
મુ.પો. ઉલાવ, વાયા કિમ
તા. હાસોટ જિ. ભરૂચ. પિન. ૩૯૪ ૮૧૦

૩૮. પટેલ ઉષાબેન લલ્લુભાઈ
મુ.પો. સરોણ વાયા ગુંદલાવ
હાઈવે નં. ૮ જિ. વલસાડ-૩૯૬ ૦૦૧.

૩૯. પટની આરિફાબેન સમશુદ્દીન
કરોડીયાવાડ, અંકલેશ્વર
જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૦૦૧

૪૦. રાજ દિલીપભાઈ અભેસંગભાઈ
મુ. સુડી, પો. સમની
જિ. ભરૂચ. પિન. ૩૯૨ ૦૨૫

૪૧. રાજ સલીમભાઈ અમરસંગભાઈ
સ્ટ્રીટ ૮૩, મુ.પો. ખોજબલ તા. વાગરા
જિ. ભરૂચ.

૪૨. રાણા નીતાબેન ભગવતભાઈ
રાણા સ્ટ્રીટ, અંકલેશ્વર,
જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૦૦૧

૪૩. પારખ શબ્બીર અ. મેહમુદ
ટીમોલ ફળીયા, મુ.પો. કઠોર
વાયા સાયણ જિ. ભરૂચ. પિન. ૩૯૪ ૧૫૦

૪૪. રાઠોડ રમણભાઈ શકરાભાઈ
રાજસ્થાન પંચાયત ભવન, ઠક્કર ફળીયા
દાહોદ જિ. પંચમહાલ. પિન. ૩૮૯ ૧૫૧

૪૫. રોહીત દમયંતીબેન ડાહ્યાભાઈ
૬૪, જેપી નગર, બારડોલી
જિ. સુરત. પિન. ૩૯૪ ૬૦૧

૪૬. સદર અ. સઈદ ઈસ્માઈલ
મુ.પો. ખરોડ, વાયા પાનોલી
જિ. ભરૂચ. પિન. ૩૯૪ ૧૧૫

૪૭. સાલેહભાઈ બિલ્કીસબીબી કાસમ
૫/૨૮, છાછા સ્ટ્રીટ, રાંદેર
જિ. સુરત. પિન. ૩૯૫ ૦૦૫.

૪૮. શાહ પતિનકુમાર મોહનલાલ
મુ.પો. પરીઆ, વાયા ઉદવાડા
જિ. વલસાડ. પિન. ૩૯૬ ૧૪૫

૪૯. શેખ ફરીદાબાનુ શબ્બીરહુસેન
હવેલી ફળીયા, અંકલેશ્વર
જિ. ભરૂચ. પિન. ૩૯૩ ૦૦૧

૫૦. શેખ હાસીમ યુસુફ
અમરા સ્ટ્રીટ, મુ.પો. કઠોર, વાયા સાયણ
જિ. સુરત. પિન. ૩૯૪ ૧૫૦

૫૧. સીપવાવાલા રાજશ્રીબેન નટવરલાલ
ફલેટ-૫, શી ટાવર, પહેલો માળ
જિ. ભરૂચ. પિન. ૩૯૨ ૦૦૧

૫૨. સોલંકી હિંમતભાઈ ગુલાબભાઈ
૧/૭૭, મુ.પો. ભાંભા, વાયા ધરમપુર
જિ. વલસાડ-૩૯૬ ૦૫૦.

૫૩. તલાટી નૂરમહંમદ દાઉદ અહમદ
બી-૨૬, હુસેનીયાનગર જંબુસર રોડ
જિ. ભરૂચ. પિન. ૩૯૨ ૦૦૨.

૫૪. ઠક્કર સુનીલભાઈ હરેશચંદ્ર
ઘર નં. ૭૬, ગંગાનગર સો. પાલનપુર પાટિયા
રાંદેર રોડ, સુરત.

૫૫. ટીમોલ આસિફ ઈકબાલ ઈબ્રાહીમ
જાદવત ફળીયા, મુ.પો. મોટાવરાછા
વાયા ઉતરાણ પાવર હાઉસ જિ. સુરત-૩૯૪ ૦૦૧

૫૬. ઉઘરાતદાર હલીમાબેન અબ્દુલહક
સુથાર ચકલા, વાયા જંબુસર
મુ.પો. કાવી જિ. ભરૂચ. પિન. ૩૯૨ ૧૭૦

૫૭. ઉપાધ્યાય ભવિતાબેન જીતેન્દ્રકુમાર
રિશ A/3, સંસ્કારદીપ સ્કુલની બાજુમાં
નવી કોલોની, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૩૯૩ ૦૦૨.

૫૮. વસાણી રશ્મિકાબેન સુરેન્દ્રભાઈ
રાજસુબા કોલોની, મુ.પો. જસદણ
વાયા-રાજકોટ. પિન. ૩૬૦ ૦૫૦

૫૯. યાદવ સુર્યદેવ રામલવટ
કબીર મંદિર, સગરામપુરા
જિ. સુરત. પિન. ૩૯૫ ૦૦૨.



Scanned with CamScanner

હાર્દિક શુભેચ્છા સહ...

## આકાર ઓફસેટ

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

મેગેઝીન - પબ્લીકેશન - સરક્યુલર - લીટરેચર
કેટલોગ - પ્રાઈસ લીસ્ટ - વાર્ષિક અહેવાલ
પ્રોડકટ લીટરેચર - પોસ્ટર - ડાયરી - કેલેન્ડર
અને ઓફીસ સ્ટેશનરી - પેકેજીંગ આર્ટીકલ્સ
ના મલ્ટીકલર ઓફસેટ પ્રીન્ટીંગ માટે

અમારે ત્યાં કોમ્પ્યુટર-ડીઝાઈન સ્ટુડીયો
લેમીનેશન - પંચીંગ તથા બાઈન્ડીંગ
સાથેની સુવિધાઓ મળશે.

૮-બી, સુપર ડાયમંડ માર્કેટ, વરાછા રોડ,
સુરત-૬. : ફોન : ૬૪૩૯૩૪/૬૪૫૮૪૭

શુભેચ્છા સહ..

સર્વોત્તમ રોલ ડેવલોપીંગ
ફોટો પ્રીન્ટીંગ અને ફોટોગ્રાફી
તેમજ
● રોલ ● કેમેરા તથા એસેસરીઝ
કેમીકલ્સ તથા ડાર્ક રૂમની સામગ્રી
ખરીદવા માટે

## પ્રતિબિંબ ફોટો કલર લેબ પ્રા.લિ.

૯, ગ્રાઉન્ડ ફ્લોર,
સુપર ડાયમંડ માર્કેટ,
વરાછા રોડ, સુરત-૬.
: ફોન :
૬૪૫૮૪૭/૬૪૪૯૧૫

● શુભેચ્છા સહ ●

## એચ. એન. મોદીની નવ નંબરની "ચા" વાપરો

ઠે. આદર્શ હાઈસ્કૂલ પાસે,
મુ. અંકલેશ્વર-૧.

● શુભેચ્છા સહ ●

## ન્યુ ભારતી સ્ટેશનરી માર્ટ

ચૌટા બજાર,
અંકલેશ્વર-૩૯૩ ૦૦૧.


Scanned with CamScanner

● શુભેચ્છા સહ ●

# શ્રી ગાયત્રી
## ખમણ સેન્ટર

સ્ટેશન રોડ, ત્રણ રસ્તા,
અંકલેશ્વર
ફોન નં. ૨૫૦૪૬

● શુભેચ્છા સહ ●

## શાહ હિતેશકુમાર ચીમનલાલ એન્ડ બ્રધર્સ

ખાંડ, ખાદ્યતેલ,
વેજીટેબલ ઘીના વેપારી

ફૂરજા રોડ, ભરૂચ.
ફોન : (ઓ.) ૩૪૧૯૮ - ૩૧૪૨૯
(ઘર) ૩૨૬૦૭

● શુભેચ્છા સહ ●

## સ્ટેમીના બેટરીઝ

● ઓથોરાઈઝ ડીલર ●
પેસ સેંટર, ડેગીનાઈટ બેટરી

કસક રોડ, ભરૂચ.
ફોન નં. ૩૦૯૬૯

● શુભેચ્છા સહ ●

## વલીભાઈ મહંમદભાઈ બાપુ

અનાજ, કરીયાણા,
કેરોસીનના વેપારી

કસક રોડ, ભરૂચ.


Scanned with CamScanner

● શુભેચ્છા સહ ●

## શ્રી ગાયત્રી
### ખમણ સેન્ટર

સ્ટેશન રોડ, ત્રણ રસ્તા,
અંકલેશ્વર
ફોન નં. ૨૫૦૪૬

● શુભેચ્છા સહ ●

### શાહ હિતેશકુમાર ચીમનલાલ એન્ડ બ્રધર્સ

ખાંડ, ખાદ્યતેલ,
વેજીટેબલ ઘીના વેપારી

ફૂરજા રોડ, ભરૂચ.
ફોન : (ઓ.) ૩૪૧૯૮ - ૩૧૪૨૯
(ઘર) ૩૨૬૦૭

● શુભેચ્છા સહ ●

### સ્ટેમીના બેટરીઝ

● ઓથોરાઈઝ ડીલર ●
પેસ સેંટર, ડેગીનાઈટ બેટરી

કસક રોડ, ભરૂચ.
ફોન નં. ૩૦૯૬૯

● શુભેચ્છા સહ ●

### વલીભાઈ મહંમદભાઈ બાપુ

અનાજ, કરીયાણા,
કેરોસીનના વેપારી

કસક રોડ, ભરૂચ.


Scanned with CamScanner

● શુભેચ્છા સહ ●

# સ્ટાર આઈસ્ક્રીમ એન્ડ પ્રોવીઝન સ્ટોર

બ્રીજનગર,
સ્ટેશન રોડ,
અંકલેશ્વર.

● શુભેચ્છા સહ ●

ISI

ISI

# ગૃપ્કો સબમર્સિબલ પંપ

૪'' ૬ તથા ૮''ના બોર માટે
સીંગલ ફેસ તથા થ્રી ફેસ
એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રીઝ, સોસાયટી,
એપાર્ટમેન્ટ, ઘર વપરાશ, સ્કુલ, કોલેજ,
વીજળીનો બચાવ, વ્યાજની કિંમત,
ભરપુર પાણી, બેજોડ ગુણવત્તા,
આધુનિક ટેકનોલોજી, ઝડપી સર્વિસ

ગૃપ્કો પંપ પ્રા. લી.
વાંસદા રોડ, ચીખલી.
ફોન ૪૧૩ ગ્રામ : ગૃપ્કો

● શુભેચ્છા સહ ●

# STITCH ART TAILOR

: SPECIALIST OF :
PANTS, SHIRTS, JEANS,
COAT, SAFARI, COTI

GOD MAKES MAN,
A TAILOR MAKES MAN
A GENTELMAN

● શુભેચ્છા સહ ●

ફોન : ૨૩૩૦૯

# સજાવટ ફર્નીચર

સોફા, ટી.વી. શો-કેશ, ઓફીસ ટેબલ,
વુડન ટીપોઈ, ત્યા લોખંડની ખુરશી
વિગેરે વેચનાર

પીરામાણ નાકા,
અંકલેશ્વર-૩૯૩ ૦૦૧ જિ. ભરૂચ.


Scanned with CamScanner

● શુભેચ્છા સહ ●

**KARM MARBLE & GRANITES (P) LTD.**

PRODUCT : SLAB, TILES & MIRROR POLISHED TILES OF MARBLE & GRANITE.

**Regd. Off.** : 106, G.I.D.C. Estate, KALOL-389 330. (Pms.)
**Factory** : POPATPURA
Near Vejalpur,
Godhra Baroda Highway,
Ta. Godhra,
Dist. Panchmahals (Gujarat)
Ph. : (026713) 206

● શુભેચ્છા સહ ●

**PRAGATI ENTERPRISE**

MANUFACTURERS OF :
Autistatic Oil,
Crimping Coning Oils.

● શુભેચ્છા સહ ●

**શ્રી રામ જનરલ સ્ટોર્સ**

